# સહજ-સત્સંગ

Year : 2 Issue : 15 Dt. 1-4-2014 Page - 52 માસિક





## મા મીરાંબિકા

Let us keep flaming in our heart the fire of progress.
- The Mother

### વિકાસનો અગ્નિ ભડકે બળે

હૃદયે દૃઢ-સંકલ્પ તણી, અગ્નિ-જ્વાલા ભડકે બળે,
કે મારો આત્મા આ જ જીવને, પ્રગતિ અંતિમ હાંસલ કરે.
પ્રભુ સાથે એકરૂપતા ને, પ્રભુ-કાર્યનો જોશ હો,
દિવ્ય-યોદ્ધા બની ઝઝૂમતો, ને અંતે પ્રભુ - ચરણ લીન હો.

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

## પૂર્ણ સમગ્ર આવિર્ભાવોની અભીપ્સા

(તા.૧૨.૧૦.૧૯૧૪ - પૃ.૧૯૩)



મારું શારીરિક સ્વરૂપ લોકોની વેદના અને દુઃખને અનુભવી રહ્યું હતું. પ્રભુ, આ અજ્ઞાન..... આ શોક ક્યારે શમી જશે ?

અમારી પ્રાર્થના છે કે વિશ્વનું પ્રત્યેક તત્ત્વ પોતાનું જે કાંઈ સ્વરૂપ હોય તે વિષે સભાન બને..... પોતાનું રૂપાંતર કરી લે. અહં પ્રધાન અંધતાનાં તને ઢાંકી રહેલા આવરણો દૂર થાઓ..... તું એક પૂર્ણ આવિર્ભાવમાં દૈદીપ્યમાન રીતે પ્રગટ થાઓ તારી નીરવતામાં સર્વ કાંઈ શાશ્વત રીતે આવી રહેલું છે અને આખી ચેતનામાં તે અનંત પ્રગતિશીલ ગતિમાં આવિર્ભાવ પામી રહ્યું છે.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પૂર્ણ સમગ્ર આવિર્ભાવોની અભીપ્સા) | ૩ | **યોગ પર દીપ્તિઓ** (સમર્પણના સાથીઓ) | ૩૦ |
| **શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન** (પૂર્વ ભૂમિકા) | ૬ | **સાંજના વાર્તાલાપો** (પરા-શક્તિના પ્રગટીકરણની શક્યતા) | ૩૩ |
| **દિવ્યજીવન** (વૈદિક વારસો) | ૮ | **વેદવિજ્ઞાન** (દ્યાવા પૃથવી, દ્યૌઃ) | ૩૪ |
| **શ્રી માતાજીની કૃપાનો સ્પર્શ** | ૧૧ | **પરમસિદ્ધનો પંથ** (વૈદિક વ્યાહૃતિવાદ) | ૩૮ |
| **માતૃવાણી** (આત્મ-બલિદાન અને સમર્પણ) | ૧૨ | **યોગનાં મૂળતત્ત્વો** (ચૈતસિક ખુલ્લાપણું) | ૪૧ |
| **સાવિત્રી** (પુરુષનો શરણાગતિ-ભાવ) | ૧૬ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (અતિમાનસિક બનવાની ક્રિયા ૬૫-૬૭) | ૪૪ |
| **યોગ વિષે પત્રો** (જીવાત્માનું સ્વરૂપ) | ૨૦ | **જાતક કથાઓ** (જે છે તેમાં સંતોષ માની જીવો) | ૪૭ |
| **ઉપનિષદો** (નિષ્કર્ષ અને સારાંશ) | ૨૩ | **શ્રી અરવિંદ અને શ્રી માતાજીનું સહ-કાર્યઃ નવ-માનવનું નિર્માણ** | ૪૮ |
| **વેદ-રહસ્ય** (સૂર્ય, સવિતૃનું સ્વરૂપ ) | ૨૬ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (અતિમનસ પ્રાપ્તિનો હેતુ) | ૨૮ | | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૧૫ વર્ષ : ૨
એપ્રિલ - ૨૦૧૪

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો.૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઓર્ડરથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

# પૂર્ણ સમગ્ર આવિર્ભાવોની અભીપ્સા

સમજૂતી - માનસિંહ ચાવડા

પ્રથમ મહાયુદ્ધમાં માનવોના સામૂહિક વિનાશની વિગતોથી માતાજીને દુ:ખ અને વેદનાનો અનુભવ થઈ રહ્યો છે. માતાજી પૂછે છે કે આ મનનો શોક અને વેદના ક્યારે જશે ? જે અજ્ઞાનને કારણે આ પ્રભુની વિકૃતિ અભિવ્યક્તિઓ થઈ રહી છે તે અજ્ઞાનનો ક્યારે નાશ થશે ?

માતાજી પ્રભુને પ્રાર્થના કરે છે કે જે જગતમાં જે કાંઈ તત્ત્વો તેની રચનામાં વપરાયા છે, તે બધાં જ તત્ત્વો પોતાના મૂળ સ્વરૂપોનું જ્ઞાન મેળવીને પેલા અજ્ઞાનનો નાશ કરો. તેમ કરીને તેમનું જે રૂપાંતર થઈને નવું દિવ્ય સ્વરૂપ રચાય તે સ્વરૂપે તે પ્રગટ થાય. અને તેમ કરીને પ્રભુનો પૂર્ણ આવિર્ભાવ થાય. સમગ્ર સ્વરૂપનો આવિર્ભાવ થાય.

માતાજી જણાવે છે કે આ દિવ્ય આવિર્ભાવ કાંઈ તદન નવો જ રચાએલો નથી પણ પ્રભુની નીરવતામાં તે બધાં જ બીજરૂપે ઢંકાઈને અવ્યક્તરૂપે પડેલાં જ છે. તેમને ફક્ત વ્યક્ત કરવામાં આવી રહ્યાં છે. ત્યાં શાશ્વતિમાં તો બધું પહેલેથી છે જ. પણ તે હવે પ્રગતિશીલ રીતે ધીમેધીમે ક્રમશઃ પ્રગટ થશે અને આ પ્રગટીકરણની પ્રક્રિયાને કાંઈ અંત નથી. તે આવિર્ભાવની અનંત ક્રિયા બની રહેશે.

આવા અમુક તબક્કા સુધીના પૂર્ણ આવિર્ભાવ વગર દુ:ખ અને વેદના જગતમાંથી નહિ જાય એ માતાજી જાણે છે.

# શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

## પૂર્વભૂમિકા

(ગતાંકથી ચાલુ)

**(૨) સઘળાં કર્મોનો સ્વીકાર :**

પૂર્ણયોગમાં જીવનનો સ્વીકાર હોવાથી દરેક કર્મોનો પણ સ્વીકાર થયેલો છે. એમાં કોઈ કામ નાનું નથી કે ઓછું અગત્યનું નથી. દરેક કાર્ય પ્રભુને માટે, અર્પણ રૂપે કરવાનું છે. પછી તે ઝાડુ કાઢવાનું હોય કે કવિતા લખવાનું હોય. કાર્ય મહત્ત્વનું નથી. પરંતુ તેની પાછળની ભાવના મહત્ત્વની છે. દરેક કાર્ય પૂર્ણતા તરફ લઈ જાય છે. એ ભાવનાથી કાર્ય કરવાનું છે. ચેતનાની સાચી અવસ્થામાં રહીને આ યોગમાં કાર્યો કરવાનાં છે. શ્રી અરવિન્દે આ વિશે એક પત્રમાં જણાવ્યું હતું કે ''આ યોગમાં આપણે જગતની કોઈ વસ્તુનો ત્યાગ કરવા માગતા નથી. રાજકારણ, ઉદ્યોગ, સમાજ, કવિતા, સાહિત્ય, કલા વિગેરે સઘળી વસ્તુઓ કાયમ રહેશે. પરંતુ આ પ્રવત્તિઓનો ઉદ્દેશ જુદો છે. અહીં કર્મો દ્વારા પણ જીવનમાં પ્રભુની ચેતનાની અભિવ્યક્તિ કરવાનો ઉદ્દેશ છે. આ વિશે પણ શ્રી અરવિન્દ સમજાવતા લખે છે : ''પૂર્ણયોગ જીવનમાં કર્મોનો ત્યાગ કરીને ફક્ત અંતર્મુખ અનુભૂતિથી જ સંતોષ માની શકે તેમ નથી. અહીં તો બહારના પરિવર્તન માટે અંતરમાં જવાનું છે.'' એટલે કે અંતરમાં રહેલા ભગવાન સાથે તાદાત્મ્ય સાધીને કર્મો કરતાં કરતાં બહારનું બધું બદલવાનું છે.

આ યોગમાં ફક્ત ધ્યાન દ્વારા આંતર અનુભૂતિઓ પ્રાપ્ત કરી એના આનંદમાં જ ડૂબેલા રહેવાનું નથી. પણ બાહ્ય ભૌતિક ચેતનાને પણ બદલવાની છે અને તે કર્મો દ્વારા જ બદલી શકાય છે. ધ્યાન આંતરચેતના સાથે જોડાયેલું છે. જ્યારે કર્મો બાહ્ય ચેતના સાથે જોડાયેલા હોઈને ધ્યાન જેટલી જ કર્મોનું પણ અગત્ય છે. જે રીતે ધ્યાનમાં ચેતના ઊંચે જાય, અને ત્યાં પ્રકાશ અને શાંતિની

સ્થિતિમાં રહે, એ જ રીતે કર્મ કરતા પણ ચેતનાની એ ઊંચી સ્થિતિ પ્રાપ્ત કરવાની છે. શ્રી માતાજી કહે છે કે ''તમારે ઊંચામાં ઊંચા શિખર પર પહોંચવાનું છે અને ત્યાંથી પ્રકાશ અને શાંતિને નીચે લાવવાનાં છે. રોજિંદા કાર્યોમાં તમારે તેને પ્રગટ કરવાનાં છે, એટલે કોઈપણ કાર્ય તુચ્છ કે નિરર્થક નથી.'' આ રીતે શ્રી અરવિન્દના યોગમાં ધ્યાન જેટલું જ મહત્ત્વ કર્મોને પણ આપવામાં આવ્યું છે. પ્રત્યેક કર્મ પૂર્ણતા પ્રત્યે લઈ જાય છે, આથી દરેક પ્રકારનું કાર્ય સાધનાના ભાગ રૂપ બની શકે છે. કર્મ પ્રત્યેનું આ વલણ શ્રી અરવિન્દના યોગનું એક વિશિષ્ટ લક્ષણ છે.

**(૩) સમગ્ર જીવન યોગ છે.**

જીવન એટલે ચેતનાનો સતત થઈ રહેલો વિકાસ. આ વિકાસમાં સામાન્ય મનુષ્યની ચેતના ભગવાનની ચેતના પ્રત્યે સભાનપણે કે અભાનપણે ગતિ કરી રહી છે. જેઓ સભાનપણે ગતિ કરે છે, તેમની ગતિ ખૂબ જ ઝડપી બની જાય છે. બાકીના, દરેક જન્મોમાં બહુ જ થોડી પ્રગતિ કરતા રહે છે. તેમને દિવ્યચેતના સાથે એકરૂપ થતા હજારો વર્ષો લાગી જાય છે. શ્રી અરવિન્દનો પૂર્ણયોગ તો જીવનમાં સભાનપણે પરમાત્માને ઉતારવાનો છે. એટલે આ યોગ તો સમગ્ર જીવનને આવરી લે છે. તેમાં જીવનની પ્રત્યેક ક્ષણ સાધના બની રહે છે. અહીં તો માનવની સમૂળગી ચેતના બદલવાની છે. જીવનમાં પ્રભુનો આવિર્ભાવ કરવાનો છે. એટલે સમગ્ર જીવન જ યોગ છે. શ્રી અરવિન્દ કહે છે કે 'આ લક્ષ્યને પરિણામે સમગ્ર જીવન જ સાધના બની જાય છે. તેમાં ભાગલા પાડી શકાતા નથી કે આંતરિક જીવન કે જ્યારે આપણે પૂજા - પાઠ, જપ - ધ્યાન કરતાં હોઈએ ત્યારે ભગવાન સાથે જોડાયેલું જીવન અને પછી જ્યારે બહારની પ્રવૃત્તિઓ જેવી કે નોકરી, વેપાર, ધંધા વગેરે કરીએ એ જીવનને ભગવાન સાથે કોઈ સંબંધ ન હોય ! જાણે બંને વિભાગો તદ્દન અલગ. આવા પ્રકારની સ્થિતિ પૂર્ણયોગમાં ચાલી શકતી નથી. આ યોગમાં જે અંદર છે, અંતે બહાર પ્રગટ કરવાનું છે. આથી એમા કોઈ વિભાગો હોતા નથી. જીવન અખંડ છે. અવિભક્ત છે. અને અવિરત છે. અને આવું સમગ્ર જીવન યોગ છે. આમ પૂર્ણયોગની સાધનામાં પ્રત્યેક ક્ષણે જાગૃત રહીને જીવનનું દિવ્યતામાં પરિવર્તન કરવાનું છે.

# દિવ્ય-જીવન
- શ્રી અરવિન્દ

## વૈદિક વારસો

પ્રકરણ - ૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

દિવ્ય જીવન એટલે પરમ-ચેતનાનો ભૌતિક જીવન દ્વારા સર્વાંગપૂર્ણ અને સહજ આવિર્ભાવની પ્રક્રિયા હોય છે. તેથી પરમ-ચેતનાએ પોતાને આવરણ નીચે ઢાંકતાં ઢાંકતાં અંતે આ ભૌતિક પદાર્થનો અંચળો કેવી રીતે ધારણ કર્યો છે તે સમજાય તો આ અંચળાને પારદર્શક કરીને તેની દ્વારા પરમ-ચેતનાને કેવી રીતે પ્રકટ કરી શકાય તે પણ આપણે વધારે સારી રીતે સમજી શકશું. સારાંશ, પરમ-ચેતના અને આપણો અહંકાર જે આપણા આવિર્ભાવનું કેન્દ્ર છે તે વચ્ચે કેવી રીતે સંબંધ રચાયો છે અને તે રચનામાં ક્યા પ્રકારની પ્રક્રિયા ચાલતી હોય છે એ સમજી લેવું જરૂરી છે. કારણ દિવ્ય જીવનને પ્રાપ્ત કરવાની પ્રક્રિયાનું સ્વરૂપ અને તેનો પાયો આ પ્રક્રિયાને લક્ષ્યમાં લઈને જ રચવાનો રહેશે.

માનવ આ એક સભાન પ્રાણી છે. તે અન્ય પ્રાણીઓ કરતાં વધારે વિકસિત છે અને તેથી તેની પાસે જ્ઞાન મેળવીને અને તેનો ઉપયોગ કરીને જીવનમાં વિકાસ કરવાની ક્ષમતાઓ રહેલી છે. આ ક્ષમતાઓ ધ્યાનમાં લઈને અન્ય પ્રાણી અને માનવ વચ્ચે શાસ્ત્રોએ ભેદ પાડેલાં છે. અન્ય પ્રાણીઓને શાસ્ત્ર ભોગ-યોનિ તરીકે ગણાવે છે. અર્થાત ગત જન્મમાં મળેલા સંસ્કારોને આધારે તેમનામાં જે કર્મ કરવાની નિશ્ચિત ગતિ અને સ્વભાવ પ્રાપ્ત થયેલ છે તે અનુસાર જ તેઓ કર્મ કરવાનો સ્વભાવ ધરાવે છે. તેમની જીવન જીવવાની પદ્ધતિ ગત સંસ્કારોથી જ વધારે શાસિત અને મર્યાદિત બનેલી હોવાથી તેમનામાં સ્વતંત્ર રીતે કર્મ

કરવાનું સ્વાતંત્ર્ય બહુ જ મર્યાદિત બનેલું હોય છે. તેથી તેઓ પ્રવાહપતિત હોવાથી તેમનામાં સ્વતંત્ર સંકલ્પશક્તિ અથવા free will બહુ જ ઓછા પ્રમાણમાં કામ કરે છે.

માનવ તેમનાથી વધારે વિકસિત પ્રાણી હોવાથી તે ભૂતકાળના સંસ્કારોથી શાસિત હોવા છતાં સ્વતંત્ર સંકલ્પ કરવાની શક્તિ પણ થોડી ઘણી ખીલેલી હોવાથી તે પોતાને ભૂતકાળની ગતિથી મુક્ત કરી શકે છે, અથવા તે ગતિને નવી દિશા આપી શકે છે. આથી જ તેને કર્મ યોની કહેલી છે. વિકાસ કરવાની ક્ષમતા માનવમાં ઈતર પ્રાણીઓ કરતાં વધારે પ્રમાણમાં છે.

આ ખાસ પ્રકારની ક્ષમતા પ્રાપ્ત થવાનું કારણ એ છે કે તેમાં બુદ્ધિનો વિકાસ થયેલ છે. ઈતર પ્રાણીઓમાં તે વિકાસ ઓછા પ્રમાણમાં અથવા પ્રારંભિક સ્વરૂપનો જણાય છે. પણ માનવમાં મનની શક્તિઓ ખીલેલી હોય છે. તેથી જ તો તેને માનવ કહેવામાં આવે છે. મનન કરવાની તેમાં ક્ષમતા વિકસેલી હોય છે. તેથી જ તેને 'મનુને ઈતિ માનવાઃ' - અર્થાત માનવ કહેવામાં આવે છે. ઈતર પ્રાણીઓનો ફક્ત પાર્થિવ કોષ અને પ્રાણમય કોષ વિકસિત હોય છે તેને પાર્થિવ કોષ દ્વારા ભૌતિક શરીર મેળવેલું હોય છે અને પ્રાણમય કોષ દ્વારા આ ભૌતિક શરીરમાં કામ ક્રોધ વગેરે ભાવનાઓનો અનુભવ કરવાની પણ ક્ષમતા વિકાસ પામેલી હોય છે. તેઓમાં પ્રાણમય કોષનો વિકાસ થયેલો હોવાથી જ તેમને 'પ્રાણી' કહેવામાં આવે છે.

માનવમાં આથી આગળ જઈને મનોમય કોષનો વિકાસ જોવામાં આવે છે. તે મનન, ચિંતન કરી શકે છે. તેથી જ તે માનવ હોય છે.

જ્યારે પૃથ્વી ઉપર જીવજંતુ સૃષ્ટિ નિર્માણ થઈ ત્યારે તેઓનો પાર્થિવ કોષ અથવા પ્રાણમય કોષ ખૂબ જ અવિકસિત હતો. તે તેમની ફક્ત પ્રારંભિક અવસ્થા હતી. તેથી તેમને જીવન ટકાવી રાખવાં પ્રકૃતિ અને નિસર્ગે આંતરપ્રેરણાથી પોતાનું સંરક્ષણ કરવાની ક્ષમતા આપી હતી. પ્રાણમય કોષના વિકાસ સાથે વિકસિત પ્રાણીઓ નિર્માણ થતાં તેઓ પ્રાણમય આવેગોથી દોરવાવા માંડ્યા. પણ તેમ છતાં તેમનું જીવન આંતરપ્રેરણાઓથી પણ દોરવાતું હતું. પ્રાણીઓ ઝેરી

પદાર્થોથી પોતે જ આઘા રહે છે, તેનું કારણ આવી આંતરપ્રારણા છે. ખાદ્ય પદાર્થને સુંઘીને તેઓ ખાવાને યોગ્ય છે કે નહિ તે આંતરપ્રેરણાથી જાણતાં હોય છે. આ આંતરપ્રેરણા તેમને વંશપરંપરાગત મળેલી હોય છે. તેથી તે તેઓમાં જન્મજાત ક્ષમતા તરીકે જણાતી હોય છે. સુગ્રીવ પક્ષી પોતાનો માળો ખાસ રીતે બાંધે, બીલાડી બચ્ચાને ખાસ રીતે મોઢામાં પકડીને અન્ય સ્થળે ખસેડે. આ વસ્તુઓ તેમને શિખવી પડતી નથી પણ જન્મથી જ તેઓ જાણતા હોય છે. ભમરી પોતાના ઈંડાઓને ઇયળનું ખાદ્ય આપવા માટે ઇયળના ડોક પાસેની નાડીને કાપીને તેને બેભાન કરીને પોતાના કાદવમાંથી રચેલા દરમાં મૂકીને ચણી દે છે. જો તેને મારી નાખે તો ભમરીના ઈંડા પણ તેના કોહવાટથી મરી જાય. તેને જીવતી રાખે તો તે ઇયળ જ ઈંડાને ખાઈ જાય. તેથી ઇયળને જીવતી તો રાખવી જ છે જેથી તે કોહવાય નહિ અને તેને જાગૃત રાખવી નથી જેથી તે પોતે જ ઈંડાને ખાઈ ન જાય, એવી બેભાન સ્થિતિ નિર્માણ કરવા તેની ડોક પાસેની સંવેદનાવાહક નળીને અરધી કાપીને તે સ્થિતિમાં તે ઇયળને પોતાના દરમાં ચણી દે છે. આ ઓપરેશનનું કૌશલ્ય તેને આંતરપ્રેરણાથી મળેલું હોય છે અને તે પછી તે જ્ઞાન વંશવારસામાં ઉતરેલું હોય છે જેને માનસશાસ્ત્ર સહજ પ્રેરણા કે instincts કહે છે.

માનવને હવે વિકસિત પ્રાણી તરીકે પ્રાણમય કોષ સાથે મનોમય કોષ પણ મળે છે. તેમાં આંતરપ્રેરણાનો શ્રોત તો પહેલેથી જ આપેલો છે. આ મૂડી સાથે માનવને હવે વિકાસ કરવાનો રહે છે. આ જ દિવ્ય-જીવનને કંડારવાનાં સાધનો બની જાય છે.

આંતરપ્રેરણાનો મૂળ ઉગમ મનોમય કોષના જ ઊર્ધ્વ કક્ષાએથી થયેલો હોય છે. મનનાં સ્તરો છે. શ્રી અરવિન્દ તેમને ઉર્ધ્વમન, પ્રકાશિત મન, આંતરપ્રેરણાયુક્ત મન અને અધિમનસ એવી કક્ષાઓ તરીકે વર્ણવે છે. આમાંથી મનનાં આંતરપ્રેરણાયુક્ત મનમાં જ પ્રાણીમાત્રને મળતી આંતરપ્રેરણાઓનો ઉગમ થયેલો હોય છે. નિસર્ગે પ્રાણીઓના વિકાસ માટે આ પોતાનું આયોજન કરેલ છે. (ક્રમશઃ)

# શ્રી માતાજીની કૃપાનો સ્પર્શ

(પ્રાસંગિક : શ્રી માતાજીની આગમન શતાબ્દી) - એક સાધકની અનુભૂતિ

**(શ્રી અરવિન્દના નિર્વાણદિને (૫-૧૨-૧૩) એક સાધકને શ્રી અરવિન્દની સમાધિ પાસે નીચેનો અનુભવ આવ્યો, જે તેમણે પત્ર દ્વારા જણાવ્યો છે. યોગશક્તિ શ્રી માતાજી સાધકમાં પોતે કેવી રીતે સાધના કરે છે તેનું આ ઉદાહરણ છે. સાધકોની સમજણ માટે અપવાદાત્મક કિસ્સા તરીકે જ પ્રગટ કરીએ છીએ. - તંત્રી**

**(૧) યોગચક્રોનું શુદ્ધિકરણ :**

મારા ચેતનાના બધાંજ કેન્દ્રો આ પ્રકાશની અસરમાં ખૂલતા જાય છે અને છેક સહસ્રાર સુધી કે ઉપરના પ્રદેશોમાં થઈને સૂક્ષ્મ શરીરને વિશાળ બનાવે છે.

**(૨) વિશ્વચેતનામાં પ્રવેશ :**

હૃદયમાં જ્યોત ફેલાતી હું જોઈ શક્યો. મને પ્રકાશનું વિશાળ વાતાવરણ દેખાયું તે મારા આંતર-સ્વરૂપ સાથે તદ્રુપ થયું ત્યારે સમગ્ર વિશ્વ સાથે એકરૂપતા અનુભવું છું.

* સમુદ્રના મોજાની જેમ ચેતનાના બધાં જ ચક્રો ભેદીને મારી ચેતના ઊર્ધ્વારોહણ કરે છે. બધાં જ ચક્રો જ્યારે જોડાઈ જાય છે ત્યારે વિરાટ સ્વરૂપની હાજરી હું અનુભવી શકું છું.

**(૩) શારીરિક કોષોમાં પ્રકાશનો અનુભવ :**

- ધ્યાન વખતે શ્રી માતાજીનું મ્યુઝીક વાગતું હતું. મ્યુઝીકના દિવ્ય આંદોલનો ઊંડા ધ્યાનમાં લઈ ગયા. મારા સ્વરૂપમાં પ્રકાશના અસંખ્ય નાના નાના બિન્દુઓના અનુભવમાં હું ચાલ્યો ગયો હતો.

* હૃદયકેન્દ્રમાં ધ્યાન કરું છું ત્યારે પ્રકાશની નાની નાની શૂક્ષ્મ જ્યોતો અનુભવી શકતો હતો..... તીવ્ર પ્રાર્થના અને ઝંખનાના જોરે આ શક્ય બનતું લાગ્યું.

*** વિશ્વપ્રકૃતિમાં તરતા વિચારોનું દર્શન :**

મને શરીરના આજુબાજુ આગિયા જેવા અસંખ્ય પ્રકાશના બિંદુઓ અનુભવાયા.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# આત્મ-બલિદાન અને સમર્પણ

(માતૃવાણી - ૩, પૃ. ૧૨૬-૧૩૪)

પ્રકરણ - ૪૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ બલિદાન વિનાશનો સમાનાર્થ શબ્દ બની ગયો છે. પૃ.૧૨૬

૨ બલિદાનનો અસલ શુદ્ધ અર્થ તો પ્રભુને અર્પણ કરીને 'પવિત્ર કરવું' એવો થાય છે.

૩ જો તમે તમારા જીવનનું, શરીરનું પણ સ્થૂલ અર્થમાં બલિદાન આપો, તો આ પાર્થિવ ભૂમિકા ઉપર તમારા વિકાસની જે શક્યતાઓ છે તેનો તમે ત્યાગ કરો છો. પૃ.૧૨૬

૪ આત્મવિર્સજનના આ ખ્યાલમાં.... બળપૂર્વક અર્પણ કરવાની..... વૃત્તિ રહેલી છે. પૃ.૧૨૬

૫ સમર્પણ એટલે અંતરમાંથી પ્રગટતું સ્વયંભૂ આત્મસમર્પણ... પૃ.૧૨૬

૬ સાચું સમર્પણ તમારી ચેતનાનો વિસ્તાર કરી આપે છે..... પૃ.૧૨૭

૭ સમર્પણની ક્રિયામાં સંદિગ્ધતા કે અસ્પષ્ટતા બિલકુલ હોતી નથી. પૃ.૧૨૭

૮ સમર્પણ એટલે વ્યક્તિત્વનો સ્વેચ્છાપૂર્વક ઈન્કાર..... એ ગંભીર ભૂલ છે. પૃ.૧૨૯

૯ યોગિક-જીવનનો હેતુ દિવ્ય-ચેતનામાં વિકાસ સાધવાનો છે..... નીતિ..... સર્વે માણસોને એક જ આદર્શના બીબામાં ફરજિયાત ઢાળવાનો પ્રયત્ન કરે છે. પૃ.૧૩૧

**૧૦ આધ્યાત્મિકતા સર્વમાં વ્યાપી રહેલા એક તત્ત્વનું દર્શન કરાવે છે..... સાથે તે અનંત-વિવિધતાનું દર્શન પણ આપે છે..... નીતિ જીવનના આ વૈવિધ્ય અને આત્માની સ્વાધીનતા એ બન્નેની વિરુદ્ધ એવું એક કૃત્રિમ ધોરણ ઊભું કરે છે. પૃ.૧૩૨**

**૧૧ નીતિના ખ્યાલ પ્રમાણે સારીનો (ઈચ્છાઓનો) સ્વીકાર અને ખરાબનો ઈન્કાર કરવાને..... આજ્ઞા કરે છે. આધ્યાત્મિક-જીવન તો ઈચ્છાઓનો સદંતર ઈન્કાર..... પૃ.૧૩૨**

**૧૨ પ્રભુના દિવ્ય-આવિર્ભાવમાં બધા પદાર્થો જુદી જુદી રીતે છતાં એકસરખા મહત્ત્વના, એકસરખા ઉપયોગનાં અનિવાર્ય કરણો બની જાય છે. પૃ.૧૩૪**

❖

‘‘માતાજી, સમર્પણ અને આત્મબલિદાનમાં શો તફાવત છે ?’’

‘‘બેટા, આપણા પૂર્ણયોગમાં ‘આત્મ-બલિદાન’ની કલ્પના જ નથી. સેક્રીફાઈસ આ શબ્દનો મૂળ અર્થ સ્વવિલોપન કે સ્વવિનાશ નથી, પણ ‘પ્રભુને અર્પણ કરી પવિત્ર થવું’ એવો છે. તેમાં તમારી ઉન્નતિ થાય છે, વિનાશ કે વિલય નહીં. વિનાશ કે વિલયથી તો પ્રભુના આવિર્ભાવની પ્રક્રિયા જ થંભી જશે, વિકાસની પ્રક્રિયા જ ખોરંભે ચડશે, તેથી તમે તેમાં રહેલ આત્મસાર્થકતા અને સમૃદ્ધ વિશાળતાને નકારો છો.

પૂર્ણયોગમાં આવો નકારાત્મક અર્થ માન્ય નથી. આપણે સમર્પણમાં માનીએ છીએ. સમર્પણ એવી વસ્તુ છે જેમાં સમર્પિત થનારાની ચેતના, અભીપ્સા દ્વારા ઊર્ધ્વગતિ કરે છે અને ઊર્ધ્વચેતના અવતરણ કરે છે. આ બન્ને પૂરક પ્રક્રિયાઓ છે, જે યોગ-સાધનાને આગળ વધારે છે. સમર્પણ અને બલિદાન બન્ને વચ્ચે નીચેનો તફાવત છે :

૧ સમર્પણ દ્વારા તમે સમૃદ્ધ અને સુદૃઢ બનો છો. તે આનંદમય પ્રક્રિયા છે, આત્મ-બલિદાનમાં પીડા, યાતનાનો સંદર્ભ આવે છે. તેમાં ઈચ્છા ન હોવા છતાં ત્યાગનો ભાવ આવી જાય છે. ત્યાં પરાણે તે ક્રિયા બને છે. આંતરિક-સંઘર્ષ કે મથામણનો તે નિર્દેશ આપે છે. વિવેકબુદ્ધિનું ત્યાં માથાભારેપણું હોય છે.

૨ આત્મબલિદાનમાં રૂપાંતરની પ્રક્રિયાનો અભાવ હોય છે. જે છે એ સ્થિતિનો ત્યાગ એ જ તેમાં અભિપ્રેત હોય છે, પણ સમર્પણમાં રૂપાંતર દ્વારા ઊર્ધ્વ- કક્ષાએ ગમન હોય છે. નિમ્નના ત્યાગ સાથે ઊર્ધ્વની પ્રાપ્તિ હોય છે.

૩ સમર્પણમાં સમજણની અપેક્ષા હોય છે. સમજણપૂર્વક જ સમર્પણ થાય છે તે જ્ઞાનમય-ભૂમિકા છે. આત્મબલિદાનમાં સમજણ કરતાં પ્રાણમય આવેગને જ મહત્ત્વ અપાય છે, તે પ્રાણમય-ક્રિયા છે.

૪ સમર્પણમાં ફક્ત પોતાની સંકુચિતતા, અવગુણો, નબળાઈઓ જ ગુમાવવાનાં હોય છે, જ્યારે આત્મબલિદાનમાં સર્વસ્વ ગુમાવવાનું હોય છે.

૫ સમર્પણમાં વિશાળતા, ઊર્ધ્વચેતના પ્રાપ્ત થાય છે. આત્મબલિદાનમાં વિનાશ એ જ પ્રાપ્તિ છે.

૬ સમર્પણમાં સંયોગ થાય છે, તમે ઊર્ધ્વકક્ષા સાથે જોડાઈ જાવ છો. આત્મબલિદાનમાં પોતાના અસ્તિત્વ સાથે જ છેડો ફાટી જાય છે. ત્યાં વિયોગ જ હોય છે.

સમર્પણ એટલે સ્વત્વનો ઈન્કાર નથી પણ સાચા સ્વની પુષ્ટિ છે. તેમાં નિમ્ન-પ્રકૃતિની અસરોમાંથી મુક્ત થવાય છે. તેમાં શક્તિ અને ક્ષમતાનો વધારો થાય છે. તે વિશુદ્ધકારી છે, પુનિત કરનારી, પાવન કરનારી પ્રક્રિયા છે.

સમર્પણમાં જે નિમ્નપ્રકૃતિના કાર્યનો ત્યાગ છે તેમાં એક ઊંડી ગૂઢશાસ્ત્રની સમજણ હોય છે. ઇચ્છા, ઈર્ષા, દ્વેષ, તિરસ્કાર, ક્રૂરતા, શંકા, કુશંકા, પતન વગેરે વૈશ્વિક-પ્રકૃતિના નિમ્નપ્રવાહો છે. તે સતત એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં અથવા વિશ્વ-પ્રકૃતિમાંથી વ્યક્તિ-પ્રકૃતિમાં વહેતાં જ હોય છે. તેમનો ખરેખર આપણી પ્રકૃતિ સાથે કોઈ સંબંધ નથી પણ તેઓ નિમ્નપ્રકૃતિનાં ઉછાળા કે લહેરો માત્ર હોય છે.

સમુદ્રની લહેરો કિનારાના પથ્થર ઉપર પછડાય અને તેને ભીનો કરે છે, પણ તે પથ્થર અને સમુદ્રનાં પાણીને કોઈ સંબંધ હોતો નથી; તેવો આ વિકારો અને આપણી પ્રકૃતિનો સંબંધ છે.

નીતિ આ નિમ્નપ્રવાહોને પોતામાં પ્રગટ થતાં રોકવાની એક સામાજિક

પદ્ધતિમાત્ર છે. નીતિ અને અધ્યાત્મ એક જ વસ્તુ નથી. અધ્યાત્મ આપણી દ્વારા પ્રભુને પ્રગટ કરવાની ક્ષમતા આપે છે. નીતિ ફક્ત સમાજ ટકાવવાની ક્ષમતા આપે છે. નીતિ માનવે નિર્માણ કરી છે, જ્યારે આધ્યાત્મિકતા એ તો દિવ્ય-ચેતનાનું સર્જન છે. ઘણી વખત આધ્યાત્મિક-વ્યક્તિ રૂઢિગત નીતિમાં માનતી નથી. નીતિ પોતાને ચિરંતન, સનાતન નિયમો તરીકે સ્થાપવા આગ્રહ રાખે છે, પણ તે સનાતન નિયમો નથી હોતા. સારા-નરસાનો ખ્યાલ પેઢી-દર-પેઢી બદલાતો જણાય છે, પણ આધ્યાત્મિકતામાં પ્રભુનાં આવિર્ભાવને પોષક તે યોગ્ય ગણે છે. અવરોધકને અયોગ્ય ગણે છે. નીતિમાં ઈચ્છાઓ સારી અને નરસી એવા બે પ્રકારની જણાવી સારીનો સ્વીકાર અને નરસીનો ત્યાગ કરવા કહે છે; જ્યારે આધ્યાત્મિકતામાં તો બધી જ ઈચ્છાઓના ત્યાગને મહત્ત્વ અપાયું છે. નૈતિક વસ્તુ આધ્યાત્મિક ન પણ ગણાય. ઉદારતા, નિસ્વાર્થીવૃત્તિ નૈતિક ગણાય છે, પણ તેની દ્વારા પ્રસંશાની અપેક્ષા રખાય તો તે બિન-આધ્યાત્મિક બની જાય છે. સંગ્રહવૃત્તિ અને પ્રદાનવૃત્તિ બન્ને અધ્યાત્મમાં જરૂરી છે, જ્યારે નીતિમાં પ્રથમને હીન અને બીજીને પ્રસંશનીય ગણાવેલ છે.

નૈતિક રીતે હીન વસ્તુઓ એ પણ છે તો પ્રભુની જ શક્તિ પણ તે વિકૃત થએલી હોય છે. તે વિકૃતિ અજ્ઞાનને કારણે આવેલી છે. અજ્ઞાન પ્રભુની શક્તિને સંકુચિત કરે છે, તેથી જ તે વિકૃત બની જાય છે. સાચું જ્ઞાન પ્રાપ્ત થતાં જ અર્થાત્ તેને પ્રભુની મૂળ દિવ્ય-શક્તિ તરીકે ઓળખતાં જ તે સંકુચિતતા નષ્ટ થાય છે, તેથી વિકૃતિ પણ જતી રહે છે.

પ્રત્યેક પદાર્થનું અસ્તિત્વ કોઈ દિવ્ય-હેતુ સારે છે, એ મૂળભૂત આધ્યાત્મિક-સત્ય છે. તે હેતુ ઓળખવો એ જ આધ્યાત્મિકતા છે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## પુરુષનો શરણાગતિ-ભાવ

પ્રકરણ-૧૩૪

(Savitri B-1, C-4, P-61-62)

Here on the earth where we must fill our parts
We know not how shall run the drama's course;
Our uttered sentences veil in their thought.
Her mighty plan she holds back from our sight:
She has concealed her glory and her bliss
And disguised the Love and Wisdom in her heart.
Of all the marvel and beauty that are hers
Only a darkened little we can Feel.

આ પૃથ્વી ઉપર આ જે મહાનાટક ખેલાઈ રહ્યું છે, તેમાં ખરેખર આપણે કયું પાત્ર ભજવવાનું છે તે આપણે સમજી લેવું ખૂબ જ જરૂરી છે. (fill our parts) આ મહાનાટકનું કથાનક આગળ કેવો વળાંક લેવાનું છે એનું આપણને જરાપણ જ્ઞાન નથી (drama's course) તેથી આપણી ખોટી સમજણ ખોટી રીતે પાત્ર ભજવવા લાગે છે, જે આપણને દુઃખદાયક બની જાય છે. આપણે જે સંવાદો બોલીએ છીએ તેનો બાહ્યાર્થ આપણે સમજતા હોઈએ છીએ પણ આપણા આ સંવાદોમાં પ્રભુ પોતાના સંવાદોનાં વાક્ય ગુપ્ત રીતે ગોઠવી રાખે છે, જે ભવિષ્યની ઘટનાના પાયારૂપ બની જાય છે (veil in their thought) જગન્માતા પોતાનાં ભવ્ય આયોજનનો આપણને જરા પણ અણસાર આવવા દેતાં નથી. પોતાની સર્વ સમર્થ મહાનતા (glory) અને આ મહાનાટક દ્વારા તેમને આવતો આનંદ (bliss) તેઓ ગુપ્ત જ રાખે છે. તે પોતાનો આપણા

માટેનો પ્રેમ (Love) અને આપણને આપવાનું દિવ્યજ્ઞાન (Wisdom) બન્નેનો આપણને અણસાર પણ આવવા દેતા નથી. જગન્માતાની અદ્‌ભુત શક્તિઓ અને ક્ષમતાઓની (marvel) તથા આ જગતમાં બીજરૂપે રહેલ સૌંદર્યની (beauty) ફકત આભાસી કાળી બાજુ જ આપણે જોતા હોઈએ છીએ અને તેને જ સત્ય માની જગન્માતાનો વાંક કાઢતા હોઈએ છીએ. અને છતાં મા કરુણામયી સસ્મિત જાણે કહેતા હોય છે, ''ધીરજ ધર...ધીરજ ધર....''

He too wears a diminished Godhead here.
He has forsaken his omnipotence.
His calm he has foregone and infinity.
He knows her only, he has forgotten himself;
To her he abandons all to make her great.
He hopes in her to find himself anew.
Incarnate, wedding his infinity's peace
To her creative passion's ecstasy.

પ્રભુ પોતે પણ મહાનાટકમાં એક નાનકડું પાત્ર ભજવતાં હોય છે. તે માટે પોતાની મહત્તા અને સમર્થતાને કોરાણે મૂકી દે છે (diminished Godhead) પોતે સર્વસર્જક છે (omnipotence) તે ક્ષમતા પણ તેઓ ભૂલી જાય છે. પોતાની પ્રશાંતિ અને અસીમતાને પણ તે ત્યાગે છે (calm he has foregone and infinity) તે પ્રકૃતિમાં જ રસ લેતો થાય છે. રાધા-રમણ બની જાય છે. પોતાના સ્વત્વને ભૂલી જાય છે. (forgotten himself) પ્રકૃતિ તેને જેવો ઘાટ આપે તેવો તે સ્વીકારે છે અને આ રીતે પ્રકૃતિમાં જ તે પોતાના અવનવા (anew) રૂપો શોધે છે. તે અવતાર-સ્વરૂપ બનવા આગળ વધે છે. પોતાની અસીમ શાંતિને ફરી શોધી કાઢે છે અને તેમ કરતી વખતે પ્રકૃતિમાં રહેલા નવસર્જન કરવાના આનંદમાં પોતે પણ સહભાગી થાય છે. (her creative passion's ecstasy)

Although possessor of the earth and heavens,
He leaves to her the cosmic management
And watches all. the Witness of her scene.

A supernumerary on her stage.
He speaks no words or hides behind the wings.

પરમાત્મા તો પૃથ્વી અને સ્વર્ગના પણ માલિક છે. તેમનું શાસન સર્વત્ર છે છતાં તે પ્રકૃતિના, જગન્માતાના હવાલે આ વિશ્વના સંચાલનનો ભાર મૂકી દે છે (cosmic management) અને જગન્માતા કેવી રીતે સંચાલન કરે છે તે સાક્ષીભાવે જોતો રહે છે. તે જગતને કેવા કેવા ઘાટ આપી રહ્યા છે તે જાણતો જાય છે. જગન્માતાએ જગતના આ રંગમંચ ઉપર (stage) કેવી અસંખ્ય (supernumerary) વિવિધતાઓ અને નવીનતાઓને રચી છે તેને માણે છે. તે આ બાબતમાં કોઈ ભાષ્ય કરતો નથી કે આડકતરી ટીકા પણ કરતો નથી (hides behind the wings)

He takes birth in her world, waits on her will.
Divines her enigmatic gesture's sense,
The fluctuating chance turns of her mood.
Works out her meanings she seems not to know
And serves her secret purpose in long Time.

પ્રભુ પોતે આ જગતમાં અવતાર તરીકે જન્મ લે છે. જગન્માતાના આયોજન મુજબ જીવે છે. જગન્માતાના ગૂઢ (enigmatic) વર્તનનો સાચો અર્થ પ્રગટ કરવા તે વર્તનમાં દિવ્યતા લાવે છે અને તેથી જગન્માતાના જાણે વારંવાર પરિવર્તન પામતા મનોભાવોનો સળંગ અર્થ હવે સ્પષ્ટ થાય છે, પણ જગન્માતા તો જાણતા હોવા છતાં એવું જ દર્શાવે છે કે તેમને પોતાને આ નવો જ અર્થ મળ્યો. (seems not to know) આને કારણે લાંબે ગાળે જે હેતુ સાધવાનું જગન્માતાનું આયોજન હતું તે જાણે સારી રીતે પાર પડે છે. સનાતનકાળ જગન્માતા સામે પડેલો છે તેથી માતાજીને પોતાનું આયોજન પૂરું કરવાની કોઈ ઉતાવળ હોતી નથી.

As one too great for him he worships her:
He adores her as his regent of desire,
He yields to her as the mover of his will,
He burns the incense of his nights and days
Offering his life, a splendour of sacrifice.

પુરુષ જગન્માતા તેમના કરતાં ખૂબ જ મહાન છે (too great) એવા ભાવથી તેમને ભજે છે. તે પ્રકૃતિમાતાને પોતાના સંકલ્પોને સાકાર કરનાર પ્રતિનિધિ તરીકે (regent) ગણી તેમનું સ્તુતિગાન કરે છે. જગન્માતા જ તેની ઈચ્છાને ગતિ આપનાર ચાલકબળ છે એમ સમજી પ્રભુ તેમને શરણે જાય છે (yields) પોતાના જીવનનાં સુખદ-દુઃખદ પ્રસંગોરૂપી દિવસ-રાતની જાણે ધૂપસળી બાળે છે. તે માટે પોતાનું જીવન હોડમાં મૂકે છે અને આત્મબલિદાનનો એક દાખલો બેસાડે છે (splendour)

A rapt solicitor for her love and grace,
His bliss in her to him is his whole world:
He grows through her in all his being's powers;
He reads by her God's hidden aim in things,

તે જગન્માતા પાસે તેના પ્રેમ અને કૃપાની યાચના કરે છે (solicitor) અને તેને માટે યોગ્ય બનાવવાની પ્રાર્થના પણ કરે છે (rapt) જગન્માતાની આરાધના દ્વારા મળતો આનંદ જ તેમનું સારસર્વસ્વ બની જાય છે (whole world) જગન્માતા દ્વારા જ તે પોતાના સ્વરૂપની બધી ક્ષમતાઓ (being's powers) વિકસાવી શકે છે. જગન્માતાની મદદથી જ તે પરમ પ્રભુના ગુપ્ત સંકેતો સમજી શકે છે (hidden aim)

Or, a courtier in her countless retinue,
Content to be with her and feel her near
He makes the most of the little that she gives
And all she does drapes with his own delight.

પ્રભુ જગન્માતાના દરબારમાંના અસંખ્ય કર્મચારીગણ (retinue) પૈકીનો જ એક પર્સનલ સેક્રેટરી બની જાય છે. (courtier) તેને એટલો જ આનંદ બસ છે કે તેને જગન્માતા સાથે રહેવાનો લહાવો મળે છે. તેમનું સાંનિધ્ય સાંપડે છે. જગન્માતા તેમને જે કાંઈક થોડું ઘણું આપે છે તેનો મહત્તમ ઉપયોગ કરી તે તેમનું કાર્ય પાડે છે, બીજી બાજુ જગન્માતા તેમને માટે જે કરતાં હોય છે તે બધું પ્રભુના આનંદને ખાતર જ. પ્રભુની પ્રસન્નતા એ જ જગન્માતાના હૃદયનો ભાવ હોય છે. બન્ને પરસ્પરના સ્નેહમાં છે.

## યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# જીવાત્માનું સ્વરૂપ

(ભા.-૧, પૃ.૩૦૩-૩૧૭)

પ્રકરણ - ૧૦

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ માણસ ઊર્ધ્વના પ્રદેશમાં ગયા સિવાય..... બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે. પૃ.૩૦૩

૨ (તો) મનોમય ભૂમિકાથી ઉપર જવાની શી જરૂર છે ? પૃ.૩૦૪

૩ (નિર્વાણની) તે અનુભૂતિથી મારામાં સ્થિરતા આવેલી..... ફક્ત 'તત્'ની એકમાત્ર સાચી વાસ્તવિકતાનો કોને સાક્ષાત્કાર થએલો ? એવી કોઈક ચેતના હોવી જ જોઈએ જે આ બધાંનું દર્શન કરતી હોય તે જો શુદ્ધ 'હુ' ન હોય (ચૈત્યપુરુષ) તો બીજું શું હોય ? પૃ.૩૦૫

૪ આ યોગનાં લક્ષ્યો માટે (મનની પેલેપાર જવું) તે અનિવાર્ય છે. પૃ.૩૦૬

૫ મારા માટે..... જીવાત્મા..... તેના વિકાસક્રમો ઉપર અધ્યક્ષસ્થાન રાખે છે..... પોતાની જાતને વિશ્વરૂપ તેમ જ પરાત્પર તરીકે તેમ જ વ્યક્તિરૂપે પણ જાણે છે..... આ ત્રિવિધ પ્રકારનો સાક્ષાત્કાર..... અતિમનસ-ચેતના માટે..... સ્વાભાવિક, સરળ અને અસંદિગ્ધ હોય છે. પૃ.૩૦૬-૩૦૭

૬ એવું કાંઈ પણ કહેલું નથી કે જીવાત્માનું સ્થાન કેવળ અતિમાનસ-ભૂમિકામાં જ છે. પૃ.૩૦૮

૭ જીવાત્માને (તેને) કોઈ નિશ્ચિત આકાર નથી. પૃ.૩૧૩

૮ કૂટસ્થ એ અક્ષરપુરુષ છે, જીવાત્મા નથી. પૃ.૩૧૩

૮ આ યોગની પૂર્ણતા માટે બન્ને પ્રકારની અભીપ્સા જરૂરી છે. (ચૈત્યપુરુષની અને જીવાત્માની) પૃ.૩૧૫

**********

કોઈ પણ વ્યક્તિ ચેતનાનાં આધ્યાત્મિક ઊર્ધ્વ-પ્રદેશમાં આરોહણ કર્યા વગર ઈશ્વર કે બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે. કારણ સહસ્રદલમાં તેનો સાક્ષાત્કાર થાય છે, જે હજી આપણા સ્વરૂપનો જ અંતિમ છેડો છે. તે આધ્યાત્મિક-મનનો પ્રદેશ છે પણ બીજી રીતે પણ હૃદયનાં ઊંડાણમાં પ્રવેશી નિર્લેપ શાંતિમાં પ્રવેશીને પણ તે સાક્ષાત્કાર કરી શકે છે. આ બધું શક્ય છે કારણ ઈશ્વર કે બ્રહ્મતત્ત્વ સર્વત્ર છે. તેમાં મુક્ત, વિશાળ, નીરવ, શાશ્વત, અનંત ચેતનાનો સાક્ષાત્કાર થાય છે. તે જીવાત્માનાં સત્-સ્વરૂપનો સાક્ષાત્કાર હોય છે. તેમાં પ્રકૃતિને ટેકો આપનાર તત્ત્વ તરીકે અનુભવાય છે.

તો પછી મનોમય-ભૂમિકાથી ઉપર જવાની જરૂર શી ? આ પ્રશ્ન ઊભો થાય છે. શ્રી અરવિન્દને પણ મનથી ઉપર ગયા પહેલાં જ નિર્વાણની અનુભૂતિ આવેલી. બૌદ્ધો શૂન્યની અનુભૂતિ-સ્વરૂપ નિર્વાણને મનની સક્રિયતાનો લય જ ગણે છે.

પણ પ્રશ્ન છે કે નિર્વાણની, નીરવબ્રહ્મની અનુભૂતિ કોને થાય છે ? મન તો નથી જ. તો તે નિશ્ચિતરૂપે શુદ્ધ 'હું' (અહમ્) હતો. તે ચૈત્યપુરુષ હતો.

પણ પૂર્ણયોગમાં મનની ઉપરના પ્રદેશોમાં જવું અનિવાર્ય છે. આ યોગમાં યોગનું લક્ષ્ય ઋત્-ચેતનાનાં પ્રકાશથી આપણા સ્વરૂપનાં સર્વે તત્ત્વોને રૂપાંતરિત કરી તેમને સુગઠિત કરી દિવ્ય - સ્વરૂપ રચવાનું છે. ઋત્-ચેતના મનનાં ઉપરનાં પ્રદેશોમાં જ રહેતી હોવાથી મનના પ્રદેશને વટાવી જવો અનિવાર્ય બંને છે.

બીજા યોગો માટે કદાચ આ બિનજરૂરી હોઈ શકે છે.

જીવાત્માની ચેતનામાં રહીને જ ઋત્-ચેતના (અતિમનસ-ચેતના) પ્રાપ્ત થાય છે. જીવાત્મા પોતે વ્યક્તિ-ચેતના તરીકે, વૈશ્વિક-ચેતના તરીકે તથા વિશ્વાતીત-ચેતના તરીકે પોતે સભાન હોય છે. તેને પોતાના મૂળ તત્ત્વ તરીકે પરમાત્માનો જ અનુભવ આવે છે. પરમાત્મા જ તેની મારફત સક્રિય રીતે કાર્ય કરી રહ્યાં છે એવો તેનો ભાવ છે. તે સક્રિયતાને નીચે પસાર કરનાર પોતે એક નિષ્ક્રિય માધ્યમ છે એમ તે અનુભવે છે.

તે અહર્નિશ પરમાત્મા સાથે એકરૂપતા અનુભવે છે. તેમાં ધારણ કરેલ પ્રેમ અને આનંદ પરમાત્મામાંથી વહી આવતો જ તે અનુભવે છે. આવી ચેતનાની

અનુભૂતિ એ મનની ચેતનાની અનુભૂતિથી તદ્દન ભિન્ન છે. તેથી ઋત્-ચેતનાને મનની પેલેપારની અતિમનસ-ચેતના કહેવાય છે.

જીવાત્માને 'શુદ્ધ અહં' કહેવાથી ગેરસમજ થવાની શક્યતા છે. જીવાત્માની પરમાત્મા સાથેની એકરૂપતાને કારણે તે બધાં સાથે એકરૂપતા અનુભવે છે. જ્યારે 'શુદ્ધ અહમ્' પોતાની અલગતા સ્વતંત્રતા ઉપર વધારે ભાર મૂકતો શબ્દ છે.

જીવાત્માની શક્તિ જ ચૈત્યપુરુષ દ્વારા મન, પ્રાણ, શરીરમાં કાર્ય કરતી હોય છે, તેથી માણસ મન, પ્રાણ કે શરીરનાં પુરુષને જ 'જીવ' માની બેસે છે; પણ તે બધાં વચ્ચેનો ભેદ આપણા યોગમાં સમજી લેવો જરૂરી છે, ફક્ત સ્પષ્ટ બૌદ્ધિક-વિચારસરણી માટે નહિ પણ અનુભૂતિઓની સ્પષ્ટ પ્રક્રિયા સમજવા માટે પણ. સાચી આધ્યાત્મિક અનુભૂતિ સિવાય આ સમજી શકવું જરા મુશ્કેલ છે.

જીવાત્મા અને જીવ વચ્ચેનો ભેદ એટલે એક જ વસ્તુનાં ઊર્ધ્વ અને નિમ્નપાસાં વચ્ચેના ભેદને સમજવા જેવું છે. તેથી કેન્દ્રિય સ્વરૂપમાં બન્નેનો સમાવેશ કરી લેવો જરૂરી છે. તેથી જ શ્રી અરવિન્દ ઘણી વખત જીવ અને જીવાત્માને સમાનાર્થી શબ્દો તરીકે વાપરે છે.

દિવ્યજીવનનાં અતિમનસની ત્રિવિધ અવસ્થાનાં પ્રકરણમાં શ્રી અરવિન્દે અતિમનસે સર્જેલી ત્રણ અવસ્થાનું વર્ણન કરેલ છે. જીવાત્મા ફક્ત અતિમનસ કક્ષાએ છે તેવું વિધાન ક્યાંયે નથી. કારણ તેવું હોત તો અતિમનસ કક્ષામાં પ્રવેશ્યા સિવાય જીવાત્માનો સાક્ષાત્કાર થાત જ નહિ, પણ જીવાત્માની વ્યક્તિગત ચેતના તરીકે કે વૈશ્વિક-ચેતના તરીકે અતિમનસમાં પ્રવેશ્યા પહેલાં પણ ઘણાં લોકોને અનુભવ આવ્યો છે. જીવાત્માએ તો દરેક કક્ષાએ પોતાનાં સ્વરૂપ ધારણ કરેલાં જ છે, જેને પાર્થિવપુરુષ, પ્રાણમયપુરુષ, મનોમયપુરુષ, વિજ્ઞાનમયપુરુષ અને આનંદમયપુરુષ કહેવાય છે. જે તે પુરુષ દ્વારા પણ જીવાત્માની અનુભૂતિ આવી શકે છે. ઉપનિષદો પણ આમ જ જણાવે છે. વિજ્ઞાનમયપુરુષ એ અતિમનસ કક્ષાનો પુરુષ છે. આ બધાં જ પુરુષોને જીવાત્મા ટેકો આપી રહેલ હોય છે.

આમ ચૈત્યપુરુષ એટલે આવિર્ભાવની, જન્મમરણની પ્રક્રિયામાં પ્રવેશેલો જીવાત્મા એવું સમજવા ખાતર કહી શકાય. અંગ્રેજી શબ્દની જેમ 'આત્મા'

(અનુ.પૃ ૩૨ ઉપર)

# નિષ્કર્ષ અને સારાંશ

(ઉપનિષદો - પૃ.૯૦-૯૭)

પ્રકરણ - ૧૦

1. The Isha Upanishad is one of the more ancient of the vedantic writings in style and substance. P. 90
2. The Upanishad tries to get hold of the extreme ends of the knots, place them alongside of each other in a release that will be at the same time a right placing and relation. P. 91
3. It makes life itself the field of the immortal existence which is the goal and aspiration of all life. P. 91
4. Many pairs (nine) of opposites taken up by the Upanishad and are resolved. P. 91
5. (Phenomenal Nature and the lord are not opposites) The Nature is a movement of the conscious lord. P. 92
6. The renunciation intended is... of the principle of desire founded on egoism and not renunciation of world existence. The enjoyment of the infinite delight free from ego, founded on oneness of the lord is what is meant by the enjoyment of Immortality. P. 92
7. For the manifestation of the lord in life and works is the law of our being and the object of our world existence. P. 93
8. The Quiescence and the movement are equally on Brahman... Quiescence... may be conceived as a movement too rapid for the gods... but it is no formal,

material, spatial. temporal movement but movement in consciousness. P. 93

9. One and many are both true and are both the same thing. Being is one, becoming are many i.e. all becomings are one being who place Himself variously in His consciousness. P. 94
10. This oneself becoming everything is as the play of the will and knowledge and delight of the lord in his world-existence. P. 94
11. The Inactive and active Brahman are simply too aspects of the oneself, the one Brahman who is the lord. The inaction is the basis of the action and exists in the action. P. 94
12. The one and many are a result of the different movements of one consciousness, which sees all things as one in their truth-idea but differentiates them in their mentality. Avidya (many) is accepted by the lord in the mind (manisi) in order to develop individual relations to their division and consequences. The real seer Kavi... stands back from the mental thinker. P. 95
13. The reason for this double movements of the thinker (kavi and manisi) is to realise immortality in the birth. Birth is only a becoming of the lord in mental being... Birth becomes means to the enjoyment of immortality by the lord. P. 96
14. The opposition between work and knowledge exists as long as works and knowledge are only of the egoistic mental character. But in chit will and knowing are one. P. 97

15. In a word, we attain to the object of our existence which is to manifest in itself on earth in a terrestial body or in the worlds beyond or enter the divine-life in divine being. P. 97

ઉપનિષદ વિચારો બે ભાગમાં પડે છે : (૧) પુરાતન : જેમના વિચારો શરૂઆતનાં વૈદિક અધ્યાત્મનાં હતાં. તેઓ ભૌતિક જીવનને પણ મહત્ત્વ આપતા. (૨) પાછળના ઉપનિષદો : જેમાં પુરાતન પ્રતીકો અને અમુક સિદ્ધાંતોનાં ભાગ છૂટી ગયાં. તેઓ વૈરાગ્યપ્રધાન અને ભૌતિક જીવનને ઓછું મહત્ત્વ આપતા થયા. શંકરાચાર્યના વિચારો બીજા ભાગ ઉપર આધારિત છે. ઈશોપનિષદ પ્રથમ ભાગમાંનું છે અને તે છાંદોગ્ય, બૃહદારણ્યક, ઐતરીય, તૈતરીય ઉપનિષદો પહેલાનું છે.

ઈશોપનિષદમાં અધ્યાત્મમાંના વિરોધાભાસી દેખાતા વિચારોનો સમન્વય સાધેલો છે. તેણે ભૌતિક જીવનમાં પણ અમર-જીવનની ઘટનાને માન્ય રાખી છે.

ઈશોપનિષદ જે વિરોધાભાસોને પોતામાં નિરાકરણ કરવા લે છે તે છે. (૧) પરમ-ચેતના અને જગત (૨) વૈરાગ્ય અને ઉપભોગ (૩) સક્રિયજીવન અને આત્માનું સ્વાતંત્ર્ય (૪) એક નિષ્ક્રિય બ્રહ્મ અને તેના અનંત આવિર્ભાવો (૫) મૂળસ્વરૂપ અને તેનો આવિર્ભાવ (૬) સક્રિય (ક્ષર) અને નિષ્ક્રિય (અક્ષર) બ્રહ્મ, (૭) વિદ્યા અને અવિદ્યા (૮) જન્મ અને અજન્માવસ્થા (૯) કર્મ અને જ્ઞાન.

**૧ પરમાત્મા અને જગત :**

જગત એ પ્રભુનો જ આવિર્ભાવ સ્વરૂપ છે. તે પોતે એક જ આત્મા બની અનંત શરીરો દ્વારા વિવિધતાનો આનંદ લૂટે છે.

**૨ વૈરાગ્ય અને ઉપભોગ :**

વૈરાગ્ય એટલે સંસાર છોડવો એમ નથી પણ કર્મમાંની ઈચ્છાનો ત્યાગ. તે ઈચ્છા અહંકારનું કાર્ય હોય છે. તે અહંકારમાંથી મુક્તિનો પ્રકાર બની જાય છે. અહંકાર જતાં જ આત્માનો આનંદ ફરી પ્રગટ થવા લાગે છે. તેને કારણે મૃત્યુશીલ જીવનને બદલે અમરજીવન જીવાય છે. સર્વમાં એક જ આત્માના દર્શન અને તેની સાથેની એકરૂપતા જીવનને અક્ષય આનંદથી ભરી દે છે. તે જ અમરતાનો આનંદ છે. (ક્રમશઃ)

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# સૂર્ય, સવિતૃનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૩-૧૦૬)

પ્રકરણ -૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

ઈન્દ્ર વૃત્રાસુરનો વધ કરીને માર્તંડને મુક્ત કરે છે. માર્તંડ એટલે આપણો ચૈત્યપુરુષ જે પ્રકૃતિની ગુફામાં કેદ છે, ઢંકાયેલો છે. જાણે નિશ્ચેત બની ગયો છે. માર્તંડ બની ગયો છે. માર્તંડ એટલે મૃતક અંડ. આવિર્ભાવ વગરનો નિષ્ક્રિય ચૈત્યપુરુષ. તેણે જડ પ્રકૃતિનું આવરણ ઓઢી લીધું છે. તે પ્રકૃતિના અજ્ઞાનજન્ય આવરણનો નાશ કરીને ઈન્દ્ર તેની દિવ્ય પ્રકૃતિ બનાવે છે. તેમાં પ્રગટ થતો આંતર-ઉજાશ એ જ દિવ્ય-ઉષા. આમ ઈન્દ્ર ઉષાને જન્મ આપે છે.

દંતકથા એવી છે કે ઉષાનો પ્રેમી માર્તન્ડ છે, તેથી તે પ્રિયતમાના માર્ગને જ અનુસરી તેની પાછળ પાછળ આવે છે. આમ, આપણા ચૈત્યપુરુષનું અગ્રે આવવું એ જ સૂર્યનો ઉદય.

દંતકથા આગળ ચાલે છે. અદિતિની પુત્રી ઉષા છે અને પુત્ર સૂર્ય પણ ઉષાનો પ્રેમી બનીને તેને અનુસરે છે. તે પછી તે પોતાની માતાનો જ પ્રેમી બની જાય છે. ચૈત્યપુરુષરૂપી સૂર્ય, માર્તંડ, પ્રકાશને ઝંખે છે તેથી ઉષાના પ્રકાશને અનુસરે છે. સભાનતાની શરૂઆતનો પ્રકાશ જ ઉષા છે. તેને તે અનુસરે છે. પછી આ મર્યાદિત વ્યક્તિગત ઉષા વૈશ્વિક પ્રકાશસ્વરૂપ અદિતિ બની જાય છે અને ચૈત્યપુરુષ તેને અનુસરીને વૈશ્વિક ચેતનામાં (વિષ્ણુ)માં પ્રવેશી જાય છે. (નર નારાયણ બની જાય છે.) આ અર્થ છે ઉષાનો પ્રેમી અને અદિતિનો પ્રેમી બનવાનો.

આ સૂર્ય (ચૈત્યપુરુષ) ઋષિ છે, સંશોધક છે. તે પરમ-ચેતનાની શોધમાં નીકળેલો છે. તે શોધમાં બાકીના સાત સૂર્યો પોતાના પ્રકાશની (સપ્તચક્રોનાં સાત પ્રકાશની) નદીઓ વહેરાવે છે. આ કામમાં ઇન્દ્ર મદદરૂપ થાય છે, તેથી ઇન્દ્ર વર્ષાનો દેવ થયો.

સત્યનો માર્ગ સમથળ રાજમાર્ગ છે, અનૃતનો માર્ગ ખરબચડો ખાડા-ટેકરાવાળો છે. તેમાં અવરોધો છે. દેવોના રથરૂપી સાધકનું સ્વરૂપ આ સમથળ રાજમાર્ગ ઉપર પૂરપાટ દોડવા માંડે છે.

સૂર્ય સર્જક-શક્તિ છે. જે અવ્યક્ત છે, તેને તે વ્યક્ત કરે છે. અશુદ્ધ પ્રકૃતિને ઘાટ આપે છે. તેથી તે 'ત્વષ્ટા' દિવ્ય-સુથાર છે. દિવ્ય રૂપોનો ઘડવૈયો છે.

ચૈત્યપુરુષનું નિર્માણ પ્રભુના સંકલ્પને કારણે થયેલ છે.

સૂર્યનું સાધનાકીય કાર્ય છે :

૧ દર્શનાશક્તિનો વિકાસ. આ દર્શનાશક્તિ જ વરુણ (વિશાળતા), મિત્ર (સંવાદિતા), સોમ (આનંદ) અને અર્યમા (મુક્તિ)નાં સ્વરૂપો ધારણ કરી અને ચેતનામાં ઉપર મુજબની ક્ષમતાઓ વિકસાવે છે.

૨ સૂર્યને 'દેવોના ચક્ષુ' કહે છે. દેવોનો માનવ-સ્વરૂપમાં વિકાસ પામવાનો માર્ગ તે જ દર્શાવે છે.

૩ સૂર્યને કારણે ઇન્દ્ર આર્ય-શક્તિ અને દસ્યુ-શક્તિ વચ્ચેનો તફાવત જાણી શકે છે. ચૈત્યપુરુષ જ પ્રકાશ અને અંધકારનાં કાર્યોને સહજ રીતે જુદા પાડી જાણી લે છે. મનમાં (ઇન્દ્રમાં) તે શક્તિ નથી.

૪ સૂર્ય જ પ્રભુના સંકલ્પને પ્રગટ થવા, સત્ય બનવા ગતિ આપે છે.

૫ ઉપનિષદોમાં સૂર્યને જ (પુષન્) મનના પ્રકાશને ભેદીને સત્યના પ્રકાશમાં લઈ જનારો કહ્યો છે. તે જ વ્યક્તિ-ચેતનાને વૈશ્વિક-ચેતના સાથે સંવાદમાં રહેતા શીખવે છે. એકતા અને વિવિધતાનો, અદિતિ અને દિતિનો, સમન્વય સાધે છે.

૬ તે અનૃતના અંધકારને મારી હઠાવે છે અને દિવ્ય-પ્રેરણા આપી જ્ઞાન આપે છે.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

## અતિમનસ પ્રાપ્તિનો હેતુ

પ્રકરણ - ૩૩

(પૃ.૧૪૩-૧૪૪)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 It (supermind) will give them truth and peace and light to live in and make life something better than the struggle with ignorance and falsehood and pain and strife. P. 143

2 I know that supermind is a truth.

3 I am seeking to bring some principle of inner Truth, Light, Harmony, Peace into the earth-consciousness. P. 143

4 I feel it ever gleaming down on my consciousness from above. P. 143

5 I am seeking... it to take up the whole being into its own native power. P. 143

6 I believe the descent of this Truth opening the way to a development of divine consciousness here to be the final sense of the earth evolution. P. 143

7 If human reason regards me as a fool for trying to do what Krishna did not try. I do not in the list care. P. 143

8 My Sadhana was not done for myself but for the earth-consciousness. P. 144.

9 It is in a transformed consciousness here and not only above where the Anand always exists. I see there base of

શ્રી  અરવિન્દને તમે મહામાનવ માનો કે નહીં એને કોઈ મહત્ત્વ નથી પણ તેઓ સામાન્ય માનવની તો ચેતના ધરાવતા નહોતા. એવું હોત તો તેમને અતિમનસ-ચેતનાના અસ્તિત્વનો ખ્યાલ આવત જ નહીં.

હાલમાં માનવ અજ્ઞાનવશ જે સંઘર્ષ, દુઃખ ઝીલી રહ્યો છે, તેમાંથી તેને રાહત મળે છે; તેને શાંતિ, સત્ય, પ્રકાશ મળે અને તે પોતાની સ્થિતિ સુધારી શકે તે માટે જ આ પ્રયત્ન છે.

અતિમનસ છે તે વાસ્તવિક હકીકત છે એની તેમને ખાતરી થયેલી છે. તેઓ તેના પ્રકાશને મસ્તકની ઉપર અજવાળા પાથરતો અનુભવી રહ્યાં છે. તે જો આપણા નિમ્ન-સ્વરૂપનો કબજો લઈ તેમાં પ્રથમ પોતાનો ઉઘાડ રચે, તેમાં પ્રવેશે અને તેનું રૂપાંતર કરે અને દિવ્ય-ચેતના ત્યાં સ્થિર થઈને દિવ્ય કાર્ય કરવા માંડે એ તેમની અપેક્ષા છે. આ દિવ્ય-ચેતના જ પૃથ્વીની આગામી ઉત્ક્રાંતિને વેગ આપશે.

‘‘માનવો પોતાની હાલની વ્યવહારુ બુદ્ધિથી મને મૂર્ખ ગણે અને જણાવે કે શ્રીકૃષ્ણે જે કરવાનો પ્રયત્ન નહોતો કર્યો તે આ ભાઈ કરવા જઈ રહ્યાં છે ! મારો ઉપહાસ કરે તો પણ મને તેની પરવા નથી. પ્રભુની તેવી મરજી છે કે નહીં, મને તે માટે અહીં મોકલ્યે હોય કે નહીં એ મહત્વનું છે. લોકો ભલે મારી ઠેકડી ઉડાડતા હોય અને ભલે મને નરકવાસ મળે; હું તે વસ્તુ વાસ્તવિક બને ત્યાં સુધી ઝઝુમતો રહીશ, નહીં તો વિનાશ પામીશ, આ દૃઢતાથી હું અતિમનસના અવતરણ માટે પ્રયત્ન કરતો રહ્યો છું અને કરીશ. મને કોઈ મોટાઈની, પ્રસિદ્ધિની, માનપાનની જરૂર નથી.’’

શ્રી અરવિન્દ જણાવે છે કે તેમની સાધના પૃથ્વી-ચેતનામાં પ્રકાશને લાવવા માટે છે, તેમના પોતાના વ્યક્તિગત મોક્ષ માટે નથી. પૃથ્વી-ચેતના તેને કારણે નવી દિવ્યક્ષમતાઓ, ગુણો પ્રગટ કરશે. પણ તે બધું જે ભવિષ્યમાં કરવાનું છે તેની માત્ર શરૂઆત હશે.

મારે પ્રકાશમય શાંતિમાં જ કાંઈ વિલીન થઈને બેસી રહેવાનું નથી. બ્રહ્માનંદને ઠેઠ શરીરમાં ઉતારી લાવવાનો છે અને ત્યાં માણવાનો છે, જેથી તે ત્યાં કાયમી-સ્વરૂપે પ્રગટ બની રહે, તે જ આનંદમય શરીરનો પાયો બની રહેશે. અતિમનસ શરીર એ તો આનંદમય પાયો જ રચશે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૩૭

## સમર્પણના સાથીઓ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **પ્રભુ સિવાય..... બીજા કોઈનો પણ પ્રભાવ પોતાના પર પાડવા દેવો નહિં એનું નામ પવિત્રતા. પૃ.૩૪**
- **પ્રભુની..... દોરવણી નીચે થતી હોય તેવી જ ક્રિયાઓને..... પ્રગટ કરવી, બીજી કાંઈ પણ નહિ એનું નામ વફાદારી. પૃ.૩૪**
- **દિલની સચ્ચાઈ..... એનો અર્થ એ છે કે..... ઊંચામાં ઊંચો સાક્ષાત્કાર પોતાને મળી ચૂક્યા હોય તેવી કક્ષાએ આપણા સમગ્ર જીવનની બધી ક્રિયાઓને પહોંચાડવી. પૃ.૩૪**
- **એવી સન્નિષ્ઠા..... જેથી તેના સમગ્ર ચિત્તતંત્રની અંદર, તેનાં સર્વે અંગો અને ઉપાંગોમાં અને ક્રિયાઓમાં એકતા અને સંવાદ સ્થાપન કરવાની ફરજ પડે છે. પૃ.૩૪**
- **જરા પણ સંકોચ..... વગર..... જેઓ પ્રભુને સમર્પણ કરી દે છે તેઓને પ્રભુ પોતાની જાત સમર્પે છે. પૃ.૩૪**
- **..... જ્ઞાનના ઉન્નતોન્નત શિખરો અને આનંદના મહાસાગરો તેમને માટે છે. પૃ.૩૪**

જે આધ્યાત્મિક સદગુણો વડે સમર્પણ કરી શકાય છે તે માટે શ્રી અરવિન્દ જણાવી રહ્યા છે.

પ્રથમ તો સાધકે શુદ્ધતા (Purity) પ્રાપ્ત કરવાની છે, તે દ્વારા પવિત્રતા

(sacredness) બની આવે છે. પ્રકૃતિમાં રહેલી અશુદ્ધતાઓને હાંકી કાઢવાની છે. રાગ-દ્વેષ, કામ-ક્રોધ વિગેરે શત્રુઓને જીતવાનાં છે. આ શુદ્ધિકરણ જ સાધકમાં દિવ્યતા લાવવામાં મદદરૂપ બને છે. સાધક સાત્વિક અને પછી અધ્યાત્મિક/દિવ્ય ગુણો ધારણ કરતો થાય છે. ત્યારબાદ પ્રકાશ, સાનિધ્ય, આનંદ વિગેરેના ધીરે-ધીરે પ્રકૃતિ પર પ્રભાવથી સાધક એક પ્રકારની નિર્દોષતા અનુભવે છે. આ જ નિર્દોષ બનવું તે નવ-જન્મની પ્રક્રિયા હોય છે. દ્વિજ બનવાની ક્રિયા હોય છે. સાધક અનુભવે છે તેની પ્રકૃતિ પણ હવે નિર્મળ અને નિતાંત શુદ્ધ બનતી જાય છે. પવિત્રતા તેને ઘેરી વળે છે. નિષ્પાપ બાળક જેવી આ અવસ્થા હોય છે.

સાધક હવે અનુભવે છે કે પ્રભુની દોરવણી મુજબ જ પોતાનાં સ્વરૂપને કાર્યમાં ગોઠવવાની જરૂર છે. પવિત્રતામાં જણાય છે કે પ્રભુના દિવ્ય સંકલ્પ અનુસાર જ જીવન જીવવું તે જ દિવ્ય જીવન છે. તેથી સાધક અન્ય કોઈના પ્રભાવમાં આવતો નથી અને આંતરિક રીતે અનુભવે છે કે અંદરનો પ્રભુ, કનૈયો-ચૈત્યપુરુષ - જ જીવનનો સાચો સંચાલક અને માર્ગદર્શક છે. તેથી સાધક હવે તેને એકને જ અનુસરીને જીવન જીવતો થાય છે. પોતાનામાંનાં ઉચ્ચથી ઉચ્ચ સાક્ષાત્કારોની દિવ્ય ચેતનામાં રહીને જીવનનું હરેક કાર્ય કરતો થાય છે. આ છે વફાદારી (faithfulness), પ્રભુ પ્રત્યે અને તેનાં દિવ્ય સંકલ્પ માટે.

તે સાથે સાધક હવે અનુભવે છે કે પોતાનામાં એક વિવેકશક્તિ જાગૃત થાય છે, જે સારા નરસાનો ભેદ સમજી શકે છે અને પ્રભુના સંકલ્પાનુસાર કઈ રીતે કાર્ય કરવું તે જાણે છે. સાથે સાથે સાધક અનુભવે છે કે આ વિવેકશક્તિને કારણે તે પોતાનાં અહંકારને પણ પિછાણતો જાય છે. પ્રભુના આદેશ પ્રમાણે જીવન જીવતો હોવાથી તે જાણે છે કે તેની વ્યક્તિગત કોઈ જ તાકાત નથી કે જેનાથી તે પ્રભુનું કાર્ય કરી શકે. પોતાનામાં રહેલા મા ભગવતીનાં અંશને - ચૈત્યપુરુષને - તે વધારે ને વધારે પોતાના જીવનમાં કેન્દ્રિત કરીને પ્રભુનું કાર્ય કરતો જાય છે. આ એકાગ્રતા જ તેને સત્યનિષ્ઠ (Sincere) બનાવે છે. દિલની સચ્ચાઈને પોતાના સમગ્ર સ્વરૂપમાં ધારણ કરતો થાય છે. અને તેથી સ્વરૂપમાંનાં બધાં ભાગો અને ચેતનાના સ્તરોમાં એક પ્રકારની સંવાદમયતા અને એકતા રચવા લાગે છે. સમગ્ર સ્વરૂપ હવે પ્રભુનું સંવાદમય અને ચેતનવંતું ધામ બનતું જાય છે.

સ્વરૂપની દિવ્યતા જ સમર્પણને સમગ્ર અને પૂર્ણ બનાવે છે. સમર્પણ ફક્ત એક પ્રભુને, બીજા કોઈને નહિ. ફક્ત એક મા ભગવતીને જ, બીજા કોઈ ને નહિ.

મા ભગવતીને નિઃશેષ સમર્પણ દૈવી સંપત્તિ લઈ આવે છે. સાધક અનુભવે છે કે શ્રી માતાજીનો દિવ્ય - વૈભવ તેનાં માટે માએ ખુલ્લો મૂક્યો છે. જ્યોતિ, આનંદ, સ્થિરતા, મુક્તિ, દિવ્ય-જ્ઞાન વિગેરે દૈવી - ગુણો જાણે સાધકને પોતીકા લાગવા માંડે છે.

સાધક પોતે જાણે પરમ પ્રભુ જેવો બનતો જાય છે. મા ભગવતી જ તેનાં સ્વરૂપમાં બિરાજીને સઘળું જીવન દોરે છે. સાધક પ્રભુનો એક નમ્ર સેવક બની રહે છે, મા ભગવતીનું એક સુંદર અને નમનીય કરણ બની રહે છે. શ્રી અરવિન્દ ''સાવિત્રી''માં જણાવે છે કે :

Who hunts and seizes me, my captive grows:
This shalt thou henceforth learn from thy heart-beats.
For ever love, O beautiful slave of God ! (Savitri, Pg.702)

---

(પૃ.૨૨નું આગળ)

**યોગ વિષે પત્રો**

શબ્દના પણ વિવિધ અર્થો છે, તેથી દરેક શબ્દ ચોકસાઈથી વાપરી સ્પષ્ટ રીતે સમજી લેવું જરૂરી છે.

જીવાત્માની અનુભૂતિ વખતે નિર્લેપતા, નીરવતા, મુક્તિ, વિશાળતા, પ્રભુત્વ વગેરેના અનુભવો આવે છે. ચૈત્યપુરુષમાં ભક્તિ, સમર્પણ, પવિત્રતા, સુંદરતા, વિવેકજ્ઞાનનો અનુભવ થાય છે. ચૈત્યપુરુષ સાધકનાં હૃદયમાં અનુભવાય છે, જ્યારે જીવાત્મા મસ્તકની ઉપર. સારાંશ, વૈશ્વિક-આત્માની અનુભૂતિ એ જીવાત્માની અનુભૂતિ છે અને વ્યક્તિગત-આત્માની ચૈત્યપુરુષની. જીવાત્મા નિરાકાર છે અને સર્વવ્યાપી છે, જ્યારે ચૈત્યપુરુષ એક જ્યોતિર્મય સ્વરૂપ છે, સીમિત છે, સાકાર છે. તે એક આધ્યાત્મિક-વ્યક્તિતા છે. આ ચૈત્યપુરુષ જ અપરા અને અશુદ્ધ પ્રકૃતિનું રૂપાંતર સાધે છે.

ખૂબ જ સૂક્ષ્મ રીતે જોઈએ તો ચૈત્યપુરુષ અને જીવાત્માની અભીપ્સામાં પણ સૂક્ષ્મ તફાવત હોય છે. ચૈત્યપુરુષની અભીપ્સામાં મન, પ્રાણ, શરીરનાં રૂપાંતરની અભીપ્સા હોય છે. જ્યારે જીવાત્માની અભીપ્સામાં વૈશ્વિક અને વિશ્વાતીત-ચેતનાના સાક્ષાત્કારની અભીપ્સા હોય છે. ચૈત્યપુરુષની અભીપ્સા હૃદયમાં અનુભવાય છે. જીવાત્માની મસ્તકની ઉપર.

પૂર્ણયોગમાં બન્ને પ્રકારની અભીપ્સાની જરૂરિયાત છે.

# પરા-શક્તિના પ્રગટીકરણની શક્યતા

(૧૩-૭-૨૬) (પૃ.૨૧૧-૨૧૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : શું પરા-શક્તિને માનવ પૂર્ણ રીતે પ્રગટ ન કરી શકે?

શ્રી અરવિન્દ : હાલના તબક્કે નહીં. અતિમનસ કાયમી સ્વરૂપે માનવ પ્રકૃતિમાંસ્થાયી તથા ભવિષ્યમાં આનંદમય કોષને પણ પૂર્ણ રીતે પ્રગટ કરવા સક્ષમ બનશે ત્યારે જ તે શક્યતા નિર્માણ થશે. ત્યારે જ સત્-ચિત્-આનંદ આ ત્રણે પાસાને પૂર્ણ રીતે પ્રગટ કરવાની ક્ષમતા વિકસશે. તે પહેલા જો પરા-શક્તિને પરાણે ખેંચી લાવો તો તેની પ્રકૃતિ તેના ભાર તળે વિકૃત થઈને પરમહંસની ચાર વિકૃત અવસ્થાઓ રચે છે - જડ, બાળ, ઉન્મત્ત અને પિશાચ.

શિષ્ય : આનંદના અવતરણથી સાધકની અશુદ્ધિઓ શું આ રીતે પ્રગટ થાય છે?

શ્રી અરવિન્દ : હા, તેવી જ સ્થિતિ છે. પણ અતિમનસ ત્યાં પહેલેથી સ્થિર થએલું હોય તો તે તેની સાથે સંવાદિતા રચવાની ક્ષમતા ધરાવે છે. બીજું અતિમનસમાં અસીમતા અને સાકારતા બન્ને ગુણો હોવાથી તે તેને સહજતાથી ધારણ કરે છે. તેથી યોગી ઉપરની ચાર અવસ્થાને બદલે શાંતિ, શુદ્ધતા વિવેક, ગંભીર પ્રસન્નતાથી ભરપૂર સહજ જીવન જીવી શકે છે. તે પરાશક્તિનું પૂર્ણ માધ્યમ બની શકે છે.

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવો
## ધાવા પૃથવી, દ્યૌઃ

પ્રકરણ - ૧૪

દ્યૌઃ એટલે પ્રકાશમય આકાશ. તેને નિરાકાર પ્રકાશમય ચેતનાના પ્રતીક તરીકે વાપરેલ છે. તેથી દ્યૌઃ નો અર્થ જ નિરાકાર અસીમ પ્રકાશમય ચેતના. તેમાંથી જ સાકાર સ્વરૂપે બધા દેવો નિર્માણ થયા છે. જગતો રચાયા છે. જીવસૃષ્ટિ રચાઈ છે. તેથી દ્યૌઃને, નિરાકાર પ્રકાશમય ચેતનાને જ, આપણા પિતા ગણવામાં આવે છે. તેમનું ધ્યાન કરવાથી ચિત્તમાં આનંદ અને મધુરભાવો જન્મે છે. તેથી તેમને મધુઃ = મધુર, પ્રિય પણ કહેવામાં આવ્યા છે. મધુ દ્યૌરસ્તુ નઃ પિતા (ઋ ૧-૯૦-૭)

તે નિરાકાર તત્ત્વને અનંત સાકાર તત્ત્વો રૂપે પ્રગટ થવું છે. તે કામ અદિતિ કરે છે. અદિતિ દ્યૌઃની જ, તે નિરાકાર પ્રકાશમય ચેતનાની અભિન્ન, એકરૂપ શક્તિ અથવા ક્ષમતા છે તેથી તેને જ દ્યૌઃની, નિરાકાર ચેતનાની પત્ની તરીકે ગણી છે. તેનું જ સ્થૂળરૂપ એટલે પૃથવી છે. તેથી પૃથ્વીને પણ માતા તરીકે જ ગણેલી છે..... માતુમર્હિઃ..... (૧-૫૯-૨) અથવા દ્યૌસ્થિતઃ પૃથિવિમાતરધ્રુક્ (ઋ ૬-૫૧-૫)

નિરાકાર પ્રકાશમય ચેતના સ્વરૂપ દ્યોઃને વૃષભ અથવા લોહિત વૃષભ તરીકે પણ વર્ણવેલ છે. વૃષભ એ યજ્ઞનું પ્રતીક છે. જેમ ગાયોના ધણમાં વૃષભ પ્રજોત્પત્તિનું કાર્ય કરે છે. તેમ પંચભૂતાત્મક જગતમાં આ નિરાકાર ચેતના સાકાર જીવો રચે છે.

આ રીતે સૃષ્ટિ રચના કરવી એ જ યજ્ઞની શરૂઆત છે. કારણ તેમાં મૂળ આદિ-સંકલ્પને વાસ્તવિક કરવામાં આવે છે. આ યજ્ઞ ભૌતિક સ્તરે ચાલતો

હોવાથી અને ભૌતિક તત્ત્વનો પ્રકાશરંગ લાલ હોવાથી નિરાકાર ચેતનાને માટે લોહિત વૃષભ = લાલ વૃષભનું રૂપક વાપરેલ છે.

આમ દ્યૌઃ અને પૃથિવિ આપણાં માતાપિતા છે. પૃથ્વીને દ્યાવા પૃથવી વેદોમાં કહી છે. દ્યાવા પૃથવી એટલે જે પૃથ્વી ઉપર દ્યૌઃનું, નિરાકાર ચેતનાનું જગત સર્જનનું કાર્ય ચાલી રહ્યું છે, તેવી ખાસ પૃથ્વી. અન્ય ભૌતિક ગ્રહો અથવા તારાઓ ઉપર આ રીતની ઉત્ક્રાંતિની પ્રક્રિયા ચાલી નથી રહી, ત્યાં અન્ય પ્રકારની ઉત્ક્રાંતિ હોવાની શક્યતા છે. સારાંશ આપણી પૃથ્વીને આ માટે ખાસ પસંદ કરવામાં આવેલી છે.

પૃથ્વીને પસંદ કરવામાં આવી તે પહેલાંના બે તબક્કા પસાર થઈ ગયાં છે અને ત્રીજો તબક્કો શરૂ છે. આ બધું ખરેખર તો નિરાકાર ચેતનાએ પોતાને અનંતરૂપે કલ્પી છે. તેમાંથી નિર્માણ થએલી પ્રક્રિયા છે તેથી તેને 'કલ્પ' કહે છે.

પ્રથમ સર્વ વ્યાપી નિરાકાર ચેતનાને પોતે નિરાકાર, એક જ અખંડ ચેતના તરીકેનું ભાન હતું. તેને 'બ્રહ્મ' કલ્પ કહે છે. બ્રહ્મ એટલે સર્વવ્યાપી.

તે પછી નિરાકાર ચેતનાનો અનંતરૂપે પ્રગટ થવાનો સંકલ્પ જાગ્યો. તેમાંથી અનેક આત્માઓ જ્વાલામાંથી સ્ફૂલ્લીંગો નીકળે તેમ આત્માઓ પ્રગટ થયાં. આત્માનું પ્રતીક કમળ છે. કારણ આત્મ તત્ત્વની અભિવ્યક્તિ એ કમળના ખીલવા જેવી છે. કમળ સૂર્ય પ્રકાશ મળતાં જ ખીલે છે. તેમ નિરાકાર ચેતનાનો પ્રકાશ મળતાં જ આત્મા ખીલવા માંડે છે. આવી રીતે ચૈત્યપુરુષોની રચના કરવાના તબક્કાને પદ્મકલ્પ કહે છે.

તે પછી આ આત્મારૂપી ચૈત્યપુરુષોને ભૌતિક કક્ષાએ પ્રગટ થવાની વ્યવસ્થા પૃથ્વી ઉપર કરવામાં આવી. આવી રીતે પૃથ્વીને તે કામ માટે પસંદ કરવામાં આવી. પસંદ કરવાને સંસ્કૃતમાં 'વરણ કરવું કહે છે. તેથી આ કલ્પને 'વરાહકલ્પ કહે છે. જે હાલમાં ચાલુ છે.

પૃથ્વીના આ ખાસ દરજ્જાને લીધે જ તેને 'દ્યાવાપૃથવી' કહે છે.

નિરાકાર ચેતનામાંથી પૃથ્વીને અપાતી પ્રેરણાઓને વૃષ્ટિના પ્રતીક તરીકે

વેદોમાં રજૂ કરવામાં આવી છે. તે પ્રેરણાઓનું રૂપાંતર પૃથ્વી ઓજસમાં કરે છે.

ઓજસ એટલે દિવ્ય પાર્થિવ તત્ત્વ, પ્રકાશમય ચેતના ધારણ કરેલું પાર્થિવ તત્ત્વ. તેનાં વાદળો પૃથ્વી ઉપર બંધાય છે અને તેની વર્ષાથી, વિદ્યુતથી ધીમે ધીમે પૃથ્વી ઉપર દિવ્ય-સત્વોની સૃષ્ટિ રચાશે. યત્તે અભ્રસ્ય વિદ્યુતો દિવો વર્ષંતિ વૃષ્ટયઃ (૫-૮૪-૩)

પૃથ્વીના બે અર્થ છે. ઘની ભૂત થવું (Solidified) તેવા ઘનિભૂત થએલાં અણુઓ ભેગા કરીને ઈન્દ્રે વિશાળ પૃથ્વી સર્જી છે. વિશાળ કરવું, ફેલાવવું તે માટે સંસ્કૃતમાં 'પ્રેપથાન્' શબ્દ છે. તેના ઉપરથી ગુજરાતી શબ્દ 'પાથરવું' આવેલો છે. 'પ્રથ' શબ્દ ઉપરથી પૃથ્વી શબ્દ તૈયાર થયેલો છે.

સા પ્રથ સા પૃથિવ્યભવત્તત્પૃથિવ્યૈ પૃથિવિત્વમ્ (તૈત્તિ. સં. ૭-૧-૫-૧)

આપણે બધાં પૃથ્વીના બાળકો છીએ. માતા ભૂમિઃ પુત્રો અહં પૃથિવ્યાઃ (અથર્વ ૧૨-૧-૧૨) ભૂમિનો અર્થ વિશાળ રીતે ફેલાવું એવો જ થાય છે. આપણે માતા પૃથ્વી ઉપર ચાલતી ઉત્ક્રાંતિને ઉત્સાહથી આગળ વધારવી જોઈએ. ઉપસર્પ માતરં ભૂમિમ્..... (ઋ ૧૦-૧૮-૧૦)

પૃથ્વી, અંતરીક્ષ અને દ્યૌઃ આ જુદાં નથી. દ્યૌઃ અંતરિક્ષમાં અને અંતરિક્ષ પૃથ્વીમાં પ્રવેશેલું જ છે અર્થાત પૃથ્વીમાં અંતરિક્ષ અને દ્યૌઃ બન્ને ઓતપ્રોત છે એક જ કેન્દ્રમાંથી દોરેલા ત્રણ વર્તુળો જેવા તે છે. દ્યોઃનું ક્ષેત્ર સહુથી વિશાળ. અંતરિક્ષનું તેથી નાનું અને પૃથિવીનું તેથી પણ નાનું.

દ્યૌરન્તરિક્ષે પ્રતિષ્ઠિતા, અંતરિક્ષં પૃથિવ્યામ્ પ્રતિષ્ઠિતમ્ અને આ જે પ્રકાશમય પૃથ્વી છે દ્યાવાપૃથિવી તેને અદ્ધર સાચવી રાખવાનું કામ અંતરિક્ષ જ કરે છે. અંતરિક્ષેણ હિ ઈમે દ્યાવાપૃથિવી વિષ્ટબ્ધે (શત બ્રા. ૧-૨-૧-૬)

દ્યૌને આપણા પિતા અને પૃથ્વીને માતા ગણી છે. દ્યૌષ્ટવા પિતા પૃથિવી માતા (અર્થવ ૧-૩૨-૪) દિવ્યપ્રકાશ સ્વરૂપ દ્યૌઃ આપણને પિતાની જેવું માર્ગદર્શન આપે છે. અને માતાની જેમ પૃથ્વી - ભૌતિક ચેતના તે મુજબ આપણને ઘડે છે. મધુ દ્યૌરસ્તુ નઃ પિતા (ઋ ૧૯૦-૭) મધુનો અર્થ મધુર ભાવો

નિર્માણ કરનાર. સમર્પણ, શ્રદ્ધા, સુરક્ષિતતા આ બધા મધુર ભાવો છે.

બન્ને મળીને આપણને ઘડપણ, મરણના બંધનમાંથી છોડાવે છે. જરામૃત્યુ કૃણતાં સંવિદાને (અર્થવ ૨-૨૮-૪) સાત પતન છે. તેમાંથી તે બચાવે છે - સપ્ત પાતન પાતુનો (અર્થવ ૬-૩-૧)

ઘણા વિવેચકો દ્યાવા-પૃથિવીનો દ્યૌ અને પૃથ્વી એવો અર્થ લે છે. ઘણાં દ્યાવાનો અર્થ અંતરિક્ષ અને પૃથ્વી એવો લે છે. કારણ વધુ ઉલ્લેખો ત્રિલોકનાં છે. જેમાં દ્યૈઃ અંતરિક્ષ અને પૃથિવીને જુદાં જુદાં માનવામાં આવેલાં છે. અહીં આપણે દ્યાવા-પૃથિવી એટલે સર્વોચ્ચ દ્યૌ અને નિમ્નતમ પૃથ્વી સાથે સર્વે અર્થાત અંતરિક્ષનો સમાવેશ તેમાં કરી લઈએ છીએ. જેમ દ્યૌઃ અને પૃથ્વીને પિતા-માતા ગણેલાં છે તેમ અંતરિક્ષને ભ્રાતા ગણેલાં છે. ભ્રાતાન્તરિક્ષ (અર્થવ ૬-૧૨૦-૨) સારાંશ, અંતરિક્ષ એ દ્યૌઃ અને પૃથ્વીનું મિલન સ્થાન ગણ્યું છે.

પૃથ્વીનો આધાર સત્ય, ઋત, દીક્ષા, તપ, બ્રહ્મ, યજ્ઞ છે. સારાંશ, આ બધાં ઋત્નાં બ્રહ્મતત્વનાં આવિર્ભાવના તબક્કા રૂપ છે. ઋત એટલે બીજરૂપ સત્ય અને સત્ય એટલે આવિર્ભાવ પામેલું ઋત. તે બન્નેનો સમાવેશ બ્રહ્મમાં થાય છે. તેના આવિર્ભાવ માટે દિક્ષા, તપ, યજ્ઞ આ સાધનભૂત વસ્તુઓ છે. આ સમગ્ર ક્રિયા જ્યાં સુધી પૂર્ણ નહિં થાય ત્યાં સુધી પૃથ્વીને ટકાવી રાખવામાં આવશે. - સત્યં બૃહદ્દૃતમુગ્રં દિક્ષા, તપો, બ્રહ્મો, યજ્ઞ, પૃથિવી ધારયંતિં (અર્થવ ૧૨-૧-૧)

પૃથ્વીને 'વસુંધરા' કહે છે. પરમ - ચેતના અણુરેણુમાં છે. તેથી તે પ્રકૃતિમાં પણ છે. તેના આઠે આઠ અંગોમાં પણ છે. પંચમહાભૂતનાં પાંચ અંગ અને મન, બુદ્ધિ અને અહંકાર આ ત્રણ મળીને પ્રકૃતિનાં આઠ અંગો છે. બધાં જ અંગોમાં ચેતના છે. આવી રીતે તત્ત્વોમાં રહેનારી ચેતનાને 'વસુ' કહે છે અને તેના પણ પ્રકૃતિનાં પ્રકારોના આધારે આઠ પ્રકાર પાડેલાં છે. આમ આઠ વસુ છે.

આ બધાંને પોતામાં ધારણ કરનારી પૃથ્વીને વસુંધરા કહે છે.

# પરમસિદ્ધિનો પંથ

- માનસિંહ ચાવડા

**( આ અંકથી The Mother Agenda ઉપર આધારિત શ્રી સત્પ્રેમના The Mind of cells પુસ્તકની પોતાના પરમસિદ્ધિનો પંથ પુસ્તકમાં શ્રી માનસિંહ ચાવડાએ આપેલી સમજુતિઓ ક્રમશઃ પ્રગટ કરવાના છીએ. શ્રી સત્પ્રેમે The Mother's Agenda માં આવેલા મહત્વના શ્રી માતાજીના વિધાનોને વર્ષમાં અને તે પછી વિધાનને આપેલા સમયાનુસારના ક્રમાંક મુજબ ગોઠવેલાં છે. આપણે તે જ સંદર્ભ વાપરવાના છીએ. શ્રી માતાજીએ પોતાના માતૃવાણીમાં ન આપેલી ઘણી વિગતો સત્પ્રેમને તેમના વાર્તાલાપમાં જણાવેલી. શ્રી માતાજીના વિચારોને જાણવાનું તે પણ એક મહત્વનું સાધન છે - તંત્રી)**

# વૈદિક વ્યાહૃતિવાદ

પ્રકરણ - ૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

"Can we expect this body, which is now our means of manifastation on earth, to be able to change progressively into something capable of expressing a higher life ?..... or will we have to abondon this form altogether, and enter another form still unknown on earth ?

- Mother's Agenda - 1957-412

ડાર્વિને ઉત્ક્રાંતિવાદ મૂક્યો. પ્રાણી અનુભવથી શારીરિક વિકાસ કરીને નવું ઉત્ક્રાંત પ્રાણી નિર્માણ કરે છે. કાલબાહ્ય, અધૂરા, નબળા પ્રાણીઓ નાશ પામે છે. આવી ઉત્ક્રાંતિમાં ચાર તત્ત્વો માન્ય રખાયાં છે :

(૧) ભવિષ્યની ઉન્નત અવસ્થાઓ હાલમાં અસ્તિત્વમાં નથી.
(૨) ઉત્ક્રાંતિ કયો વળાંક લેશે તે નિશ્ચિત નથી, ફક્ત અનુમાન કરી શકાય છે.
(૩) ઉત્ક્રાંતિ શરીરમાં થાય છે. ચેતના એ ભૌતિક તત્ત્વનું એક ભ્રામક પરિણામ માત્ર છે. ચેતનાનો કોઈ વિકાસ નથી. તેથી પુનર્જન્મનો સિદ્ધાંત માન્ય નથી.
(૪) ઉત્ક્રાંતિનું ધ્યેય એટલે બાહ્ય પરિસ્થિતિને અનુરૂપ થઈ જીવન ટકાવવું એ છે.

આથી વિરુદ્ધ આપણા શાસ્ત્રોમાં દશાવતારના સ્વરૂપે ચેતનામાં વિકાસ સ્વરૂપ યોનિ-વાદ મૂક્યો છે. પ્રકૃતિએ અનંત યોનિ-સ્વરૂપો પ્રથમથી જ ઘડી રાખેલાં છે. આ યોનિઓમાં મર્યાદિત વિકાસ થવો શક્ય છે પણ મૂળભૂત રીતે તે પોતાનો સ્વભાવ અને સ્વરૂપ ત્યાગતો નથી. ચેતના મૂળભૂત તત્ત્વ છે. તેણે પોતાના આવિર્ભાવના સાધનોમાં વિવિધ યોનિઓ તરીકે વિકાસ સાધ્યો છે. ચેતનાનો વિકાસ થતાં તે ચેતના પોતાનું યોનિસ્વરૂપ ધારણ કરેલ ખોળિયું ત્યાગે છે અને બીજા જન્મે નવી વિકસિત યોનિનું ખોળિયું ધારણ કરે છે. માતાજી ઉપરના ઉદાહરણમાં આ વિચારોમાંથી કયો માર્ગ લેશે તે બાબત વિચાર કરી રહ્યાં છે.

યોનિવાદ પુરાણકાળમાં પ્રચલિત થયો. વૈદિક-કાળમાંના વ્યાહૃતિવાદનું તે જડ અને વિકૃત સ્વરૂપ માત્ર છે. વ્યાહૃતિવાદમાં એમ કહ્યું છે કે પરમ-ચેતનાએ પોતે પોતાનાં એકથી એક વધારે સ્થૂળ સાત સ્તરો નિર્માણ કર્યા છે. જેમને વેદો ભૂ, ભૂવ, સ્વ, મહ, જન, તપ અને સત્ય એવા સાત લોક તરીકે વર્ણવે છે. આ ભૌતિક જગત દ્વારા આ સાતે લોકો ક્રમશઃ આવિર્ભાવ પામી રહ્યાં છે અને આ વિકાસ પામતો આવિર્ભાવ જ ઉક્રાંતિ તરીકે આપણે અનુભવીએ છીએ. આ આવિર્ભાવ નવીન વસ્તુનો નથી પણ સૂક્ષ્મ સ્તરે અસ્તિત્વમાં છે તે જ વસ્તુનું ભૌતિક સ્તરે પ્રત્યાક્ષિકરણ માત્ર છે. હાલ ઉત્ક્રાંતિ દ્વારા ભૂ, ભુવ, અને સ્વ આ ત્રણ સ્તરો કે લોક, શારીરિક તત્ત્વ, શારીરિક શક્તિ (પ્રાણ) અને મનોમયશક્તિ (મન) તરીકે

પ્રકટ પણ થઈ ગયાં છે. અને હવે મહર્લોક અર્થાત વિશાલતાની આંતરપ્રેરણા તરીકે પણ પ્રકટ થશે. મહર્લોકને જ Higer-Intelligence તરીકે લોકો ઓળખે છે. આ આવિર્ભાવ માટે આપણા શરીરમાં જે વિકાસ સાધવામાં આવે છે. તેને વૈદિકકાળમાં કોષ કહેતા. કોષ એટલે આપણા ભૌતિક શરીરમાંના સૂક્ષ્મ-ભાગનો વિકાસ, શારીરિક વિકાસના આવા મૂળભૂત આધારને જ અન્નમયકોષ કહે છે. શારીરિક શક્તિઓના વિકાસના તથા માનસિક-શક્તિઓના વિકાસના આધારને ક્રમશઃ પ્રાણમયકોષ તથા મનોમય કોષ કહે છે. આંતરજ્ઞાન અથવા આંતરપ્રેરણાઓના આવા આધારને વિજ્ઞાનમયકોષ અને દિવ્યાનંદના આધારને આનંદમય કોષ કહે છે. આવી રીતે ચેતના પોતાના આવિર્ભાવ માટે શરીરનો વિવિધ કક્ષાનો વિકાસ સાધે છે આને જ વ્યહૃતિવાદ કહે છે.

વ્યાહૃતિ એટલે ખાસ સ્વરૂપે (વિ) પાસે લાવીને - અવતરણ કરાવીને (આહૃતિ) ઊર્ધ્વ ચેતનાનો ભૌતિક શરીર દ્વારા આવિર્ભાવ કરવાની પ્રક્રિયા. આ પ્રક્રિયામાં અવક્રાંતિ અને ઉત્ક્રાંતિ બંનેનો સમાવેશ થાય છે.

---

(પૃ.૪૬ ઉપરથી) **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો**

પ્રભુ સાથેની તદ્રુપતાને પોષક અને મજબુત કરનાર બની જાય છે. આ જ સાચી અતિમાનસિક સમતા, સુસંવાદિતા અને અસીમતાનો પાયો નાખે છે. તેમાં વ્યક્તિ સ્વરૂપની ગાંઠ ઉકેલાઈ જાય છે અને એક આવિર્ભાવ કેન્દ્ર તરીકેની વ્યક્તિતા જન્મે છે. કુદરતી વાતાવરણમાં, નિરભ્ર આકાશ જોતા, વિશાળ સમુદ્ર જોતા, વહેતું ઝરણું જોતા આ ભાવો સહજ આનંદપૂર્વક પ્રગટતા હોય તો પણ તે આનંદમય બની રહે છે. પણ બંધિયાર વાતાવરણમાં તે ટકાવવું મુશ્કેલ જણાય છે.

બાળ ક : માતાજી, આ કઠણ કાર્યમાં ગુહ્ય વિદ્યાની મદદ ન લઈ શકાય ?

માતાજી : તે માટેની ક્ષમતા મેળવવી પણ સહેલી નથી. મેં ગુહ્ય વિદ્યાના બળે એક પ્રાણમય સત્ત્વ રચેલું પણ તે ટકતું નહોતું. કાંઈક ખૂટતું હતું શું ? પ્રભુનો આધાર આપતો સંકલ્પરૂપ ચૈત્યપુરુષ. વળી તેને કારણે તે સત્વમાં પોતાનો વિકાસ કરે તેવી ક્ષમતા પણ નહોતી.

ચૈત્યપુરુષની રચના કરવી એ કદાચ ગુહ્ય-વિદ્યામાં પણ નહિ આવતું હોય.

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## ચૈતસિક ખુલ્લાપણું

પ્રકરણ - ૮ (પૃ. ૨૫-૨૭)

૧ **હૃદયમાંના ઊંડાણમાંની જ્વાલા એટલે જ શું ચૈત્યપુરુષ ?**

ના, ચૈત્યપુરુષ પ્રભુની હાજરી રૂપ જ્યોત અને દિવ્ય પ્રકૃતિનો મળીને બનેલો છે. આ પ્રભુની હાજરીની જ્યોત તે જ અગ્નિ છે, તે ચૈતસિક ઉગ્ર જ્વાલા સ્વરૂપ છે.

૨ **ચૈત્ય સ્વરૂપનું સ્થાન ક્યાં છે ?**

તે હૃદયના ઊંડાણમાં છે. આ હૃદય એટલે આપણું ભૌતિક હૃદય નહિં સાચું ભાવના અનુભવતું હૃદય છાતીના મધ્ય કેન્દ્રમાં છે.

૩ **બધાંના જ ચૈત્યપુરુષો પ્રભુના જ અંશ હોવાથી દિવ્ય હોય છે તો શ્રી માતાજી વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના ચૈત્યપુરુષોમાં તફાવત કેમ પાડે છે ?**

બધાં જ ચૈત્યપુરુષો દિવ્ય હોવા છતાં તેમનો મન, પ્રાણ, શરીરના સંચાલન-ક્ષમતામાં અને તેમની દ્વારા પોતાના આવિર્ભાવની ક્ષમતામાં અને તેમના વિકાસમાં વધઘટ હોય છે. તેના સંદર્ભમાં જ શ્રી માતાજી ચૈત્યપુરુષો વચ્ચે તફાવત પાડે છે.

૪ **યોગશક્તિ પ્રથમ ચૈત્યપુરુષમાં અને તે બાદ મનમાં અવતરણ પામે છે એ શું સાચું છે ?**

ના, કાયમ એવું જ બનતું નથી. મોટાભાગના લોકોમાં મનમાં કાર્ય કરતી શક્તિનો જ ઉપયોગ યોગશક્તિ શરૂઆતમાં કરે છે. જો મન, પ્રાણ, શરીર વિકસિત હોય તો ચૈત્યપુરુષને અગ્રભાગે લાવી યોગશક્તિ તેની મારફત કાર્ય કરે છે.

૫ **શું ચૈત્યપુરુષ મન, પ્રાણ, શરીરની મદદ વગર પોતાનો આવિર્ભાવ કરી શકે છે ?**

હા, તે ચૈતસિક કક્ષાએ પોતાનો આવિર્ભાવ મન, પ્રાણ, શરીર વગર જ કરતો હોય છે. પણ જો તેને પાર્થિવભૂમિકાએ પોતાનો આવિર્ભાવ કરવો હોય તો મન, પ્રાણ, શરીરની મદદ લેવી પડે છે. મનોમય કક્ષાના આવિર્ભાવમાં મનની, પ્રાણમય કક્ષાનાં આવિર્ભાવમાં મન અને પ્રાણ બન્નેની મદદ લેવી પડે છે.

૬ **મન, પ્રાણના રૂપાંતર વગર ચૈત્યપુરુષ અગ્રે આવી શકે છે ?**

ના, રૂપાંતર વગરના મન, પ્રાણ ચૈત્યપુરુષના આવિર્ભાવમાં વિઘ્નરૂપ બની જાય છે. તેથી તે અગ્રભાગે આવી મન, પ્રાણનું સંચાલન નથી કરી શકતો.

૭ **ચૈત્ય અને આધ્યાત્મિક ચેતનામાં શો તફાવત છે ?**

આધ્યાત્મિક ચેતના મનની ઉપર રહેલી છે. તે આત્માનું ક્ષેત્ર છે આધ્યાત્મિક - ચેતના પ્રભુ સાથે સદા એકરૂપ થઈ રહે છે. આત્મતત્વ સર્વ વ્યાપી હોવાથી આધ્યાત્મિક-ચેતનામાં વિશાળતાનું, અસીમતાનું ભાન હોય છે.

ચૈત્યપુરુષમાંનો પ્રકાશ એ પ્રભુનો સ્ફુલિંગ હોય છે. ચૈત્યપરુષની દિવ્યપ્રકૃતિ સાધકના વિકાસ અનુસાર વિકસી નિશ્ચિત ઘાટ રચે છે. ત્યારે ચૈત્ય તત્ત્વ ચૈત્યપુરુષ બને છે. તે પ્રભુને ઝંખે છે અને પ્રભુ પ્રત્યે જ પ્રતિસાદ આપે છે. તે વ્યક્તિગત ચેતના છે તેમાં વિશાળતાનું ભાન હોતું નથી.

૮ **પ્રભુ અને આત્મામાં શો ફેર છે ?**

પ્રભુ પ્રગટ આત્મા તો છે જ તે સિવાય મન, પ્રાણ, શરીરમાં પણ અવ્યક્ત સ્વરૂપે રહેલાં છે. અજ્ઞાનમાં પણ પ્રભુ અવ્યક્ત સ્વરૂપે રહેલાં છે.

૯ **ચૈત્યભૂમિકાઓ શું અનેક છે ?**

ના, ભૂમિકા તરીકે તે મનોમય, પ્રાણમય, શારીરિક ભૂમિકા તરીકે એક જ છે.પણ મનોમય, પ્રાણમય પુરુષની જેમ ચૈત્યપુરુષો પણ અનેક છે.

**૧૦ ચૈત્યપુરુષના પોતાના વિકાસ વગર શું તે પ્રકૃતિમાંની પાયાની મુશ્કેલીઓને ઓળંગી શકે છે?**

ના, પણ પ્રભુની કરુણા અને કૃપાને કોઈ વસ્તુ અશક્ય નથી એ પણ સાચું છે.

**૧૧ શું ચૈત્યપુરુષ અગ્રભાગે આવે તો તે સર્વ શંકાઓ અને મુશ્કેલીઓનો અંત લાવી શકે છે?**

હા, ફક્ત સમય વ્યક્તિદીઠ ઓછોવત્તો લાગશે.

**૧૨ ચૈત્યપુરુષને અગ્રભાગે લાવવા શું કરવું?**

તે માટેની વિધાયક પદ્ધતિમાં અભીપ્સા, સમર્પણ, ભક્તિ, ચૈત્યપુરુષ પ્રત્યે આજ્ઞાધિનતા વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે નકારાત્મક પદ્ધતિમાં અશુદ્ધિઓ અને વિકૃતિઓનો પરિત્યાગ આવે છે.

**૧૩ નમનીય શારીરિક ચેતનાથી શું ચૈત્યપુરુષ કાયમી સ્વરૂપે અગ્રભાગે રહી શકે છે?**

ના, આધ્યાત્મિક અને ચૈતસિક ચેતનાનો કાયમી પ્રભાવ તે શારીરિક ચેતના ઉપર આવે ત્યારે જ કાયમી સ્વરૂપે ચૈત્યપુરુષ અગ્રભાગે રહી શકે છે.

**૧૪ ચંચળતા અને ક્ષુબ્ધતા વગરની અને નીરવતા અને શુદ્ધિની લાગણી નિર્માણ કરતી દિલગીરી એ ચૈતસિક દિલગીરી હોય છે?**

હા, પણ ચૈતસિક અશ્રુઓ હંમેશા દિલગીરી ભર્યા જ હોતા નથી. તે આનંદસભર પણ હોય છે.

**સ્પોનસોરશીપ**

આ અંક સ્વર્ગીય પ્રભુદાસ રામજીભાઈ રાઠોડ (રામજી નાનજી એન્ડ સન્સ - સ્વ. ૧૩.૨.૨૦૧૪)ના પૂણ્ય - સ્મરણાર્થે સદ્‌ગતને પરમ-પ્રભુ અક્ષયશાંતિ સાથે ઉત્તમગતિ આપે એ અભ્યર્થના સાથે રાઠોડ કુટુંબે સ્પોન્સોર કરેલ છે. - તંત્રી

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

## અતિમાનસિક બનવાની ક્રિયા (૬૫-૬૭)

પ્રકરણ - ૪૨
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૨૫-૧૩૪)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**માણસમાં કોઈ પાપ છે નહીં. પણ એનામાં રોગ,અજ્ઞાન અને ખોટી ક્રિયાઓ ખૂબ ખૂબ છે. (૬૫)**

**માણસને પોતાની અપૂર્ણતાઓ પ્રત્યે ઘૃણા જન્મે એટલા માટે પાપનો ખ્યાલ જરૂરનો હતો. માણસના અહંકારની સામે પ્રભુએ આ ઓસડ યોજ્યું હતું. પણ આ આયોજનનો માણસ એવી રીતે જવાબ વાળે છે કે તે પોતાનાં પાપ વિષે બહુ મંદ ભાવે જાગૃત રહે છે અને બીજાંઓના પાપ વિષે તે અતિશય જાગૃતિ રાખે છે. (૬૬)**

**પ્રભુ આપણને પૂર્ણતા તરફ લઈ જવા માટે જે પ્રયત્નો કરી રહ્યા છે તેમાં આપણે પ્રભુની સાથે વિરોધની જે રમત રમીએ છીએ તે છે પાપ અને પુણ્ય. પુણ્યની ભાવના આપણને ગુપ્તપણે આપણાં પાપમાં રસ લેતાં કરી આપે છે. (૬૭)**

* * * *

બાળક : માતાજી, આ સુત્રો પાપ અને પુણ્યની વિચારોની નિરર્થકતા દર્શાવે છે. તા.૩.૨.૫૮ની અનુભૂતિ પણ દર્શાવે છે કે નૈતિક કલ્પનાઓ અધ્યાત્મમાં ચાલતી નથી. અતિમનસને પ્રાપ્ત કરવામાં બીજા જ ધોરણો કામ આવે છે. દિવ્ય અને અદિવ્ય વિષેના આપણા ખ્યાલો પણ ખોટા જ છે. અતિમનસ દૃષ્ટિ જ સત્ય

છે. અતિમનસને પોતામાં ધારણ કરવાની ક્ષમતા અને તેની સાથે સંપર્કમાં રહેવાની ક્ષમતા એ જ મહત્વની વસ્તુ છે. તો પછી આવી પાત્રતા કઈ અને અતિમનસ દૃષ્ટિ કોને કહેવાય?

માતાજી : આ બાબતમાં જંગલમાંથી પસાર થતા સાબરની વાત તમને કહી હતી. અનુભવી જ અતિમનસના ચિહ્નોને તરત ઓળખી લે છે. તેમજ અતિમનસ નૌકા બાબતની અનુભૂતિથી મારામાંથી નીતિ વિષયક ખ્યાલો બધાં જ ધોવાઈ ગયા છે. વૈરાગ્ય પ્રધાન જીવન દ્વારા વિશુદ્ધિની કલ્પના જ નષ્ટ થઈ. તેમાં પ્રાણતત્વના દેશમાંથી જાણે દિવ્ય-કાર્યને પણ દેશનિકાલ કરવામાં આવે છે. શરીર પોતે એક બંધન નથી એ પણ તેમાંથી સ્પષ્ટ થયું. તે પ્રભુના કાર્યનું એક ક્ષેત્ર અને સાધન છે.

પણ આપણી પાસેથી જેની માગણી કરવામાં આવે છે. તે વસ્તુ કાંઈ સહેલી તો નથી જ.

(૧) **સમતા :** અતિમાનસિક આંદોલન સમતાભરી ચેતનામાં જ પ્રવેશે છે. સમતામાં અહંકારના બધાં જ કાર્યોને ઓગાળી નાખવામાં આવે છે. ફક્ત તેની પ્રભુને પ્રગટ કરવાની આવિર્ભાવ ક્ષમતા ટકાવવામાં આવે છે.

(૨) **અસીમતા :** આ બીજી જરૂરિયાત છે. વિશાળ અને અસીમ બનવાની ક્ષમતા, પોતાનો અનંત વિસ્તાર કરવાની ક્ષમતા. તેથી તે વૈશ્વિક ચેતનામાં પ્રવેશી શકે છે. અતિમનસ પ્રભુના પૂર્ણરૂપની ક્ષમતા છે અર્થાંત પ્રભુના સમગ્ર આવિર્ભાવની ક્ષમતા છે.

(૩) **સંવાદમયતા :** તેથી પણ આગળ જઈને પ્રભુના આવિર્ભાવથી પર જે નિર્વાણ અવસ્થા છે, અસત્‌નું સ્વરૂપ છે, નિરાકાર ચેતના છે તેની સાથે પણ માનવે એકરૂપ થવાની ક્ષમતા વિકસાવવાની છે. પ્રથમ વસ્તુ વિસ્તાર આવે છે બીજી, મુલાયમતા, ઋજુતા, નમનીયતા. સહુ સાથે સંવાદમાં રહેવાની ક્ષમતા. આમ અસીમતા અને સંવાદમયતા તમારામાં કાયમી સ્વરૂપે સ્થાઈ થઈ જવા જોઈએ. તે ચેતનાનો સ્વભાવ બની જવો જોઈએ.

અતિમનસ સાધના માનસિક સ્તરે ચાલતી હોય ત્યાં સુધી આ બધું બરોબર

છે. પણ શારીરિક સ્તરે અતિમનસ સાધના પ્રવેશતા જ તે વધારે કપરી બની જાય છે.

જડતત્ત્વના રૂપોને અવિચળતા, સ્થાયિભાવ આપવા જ અચિત્ અને અજ્ઞાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે સ્થાયિતા રચવા જડતત્ત્વને અચિત્ના પ્રભાવ નીચે સંવેદનવિહિન બનાવેલ છે. તેમાં મુલાયમતા અને ચપળતા નથી. આપણે જડતત્ત્વની નક્કરતા ટકાવી રાખવાની છે. પણ તેમને પ્રભુના સંવેદન અનુભવતું કરવાનું છે અને આ માટે કોષોની સાધના કરવી પડે છે. કોષોમાં અસીમ બનવાની, સંવાદમય રીતે રહેવાની અને સમતામાં રહેવાની ક્ષમતાઓ વિકસાવવાની છે.

નૌકાની અનુભૂતિમાં વ્યક્તિઓમાં દેખાતા ડાઘ એ આ ક્ષમતાઓનો તે પ્રદેશમાં અભાવ દર્શાવતો હતો. ત્યાં હજી અતિમનસ પ્રભાવ અને પ્રકાશ પ્રવેશ્યા નથી એ જ સૂચવતા હતા.

આ પૈકી વિસ્તાર પામવાની ક્ષમતા વહાણમાં જ મેળવવાની હતી અને સંવાદમયતા, નમનીયતા વહાણમાંથી ઉતર્યા બાદ.

તે નૌકાની અનુભૂતિમાં મેં એક વાત કહી નહોતી, તે એ કે નૌકા, અને અતિમાનસિક લોકોના શરીરમાં કોઈ યંત્રણા નહોતી. બધું સીધેસીધું સંકલ્પ બળે જ ચાલતું હતું. તે પ્રભુની જ સંકલ્પશક્તિ હતી. તેથી ત્યાં બધું સહજભાવે, સુસંવાદિતામાં જ ચાલતું હતું. ત્યાં મન નહોતું. મનની સંકલ્પશક્તિ પણ નહોતી. તેમાં સીધેસીધી આધ્યાત્મિક-સંકલ્પ શક્તિ કાર્ય કરે છે. તેને શુદ્ધ સ્વરૂપે ટકાવીને સક્રિય કરવાની હોય છે. તેમાં મન નીરવ બની જાય છે. જયાં સુધી એ સંકલ્પશક્તિ મન દ્વારા કાર્ય કરે છે ત્યાં સુધી તે પૂર્ણ અતિમાનસિક બની શકતી નથી. સમતાની અહિં ખૂબ જ જરૂર પડે છે. તેને ટકાવવા પ્રભુ સાથેની તદ્રુપતાને મદદમાં લેવી પડે છે. બધે પ્રભુનાં દર્શન થવાની શરૂઆત થતાં જ આ સમતા અને સંવાદિતા પોતે સહજ બની જાય છે. તે માનસિક કક્ષાની રહેતી નથી. તેમાં વિશ્વચેતનાના ભાગ તમે બની રહો છો અને વૈશ્વિક આંદોલનો તમારામાં પ્રવેશી કાર્ય કરતા અનુભવો છો. તેમાં પારકી વસ્તુ હોતી જ નથી. તેમાં બધાં આંદોલનો

(અનુ.પૃ.૪૦ ઉપર)

# જે છે તેમાં સંતોષ માની જીવો

પ્રકરણ - ૧૫

એક જંગલમાં એક આળસુ સસલું રહેતું હતું. તેણે એક દિવસે માનવી-હાડપિંજર પાસે એક દંડૂકો જોયો. તેને તે ગમ્યો. લઈ લીધો સાથે. તે જાદુગરનું હાડપિંજર હતું અને તે દંડૂકો જાદુઈ હતો.

સસલું વિચારે ચડ્યું, ''આ દંડૂકો જાદુઈ હોય તો કેવી મજા આવે. બસ, આમ પછાડું અને કહું મને લીલુછમ ઘાંસ ખાવા મળે.''

તેણે દંડૂકો પછાડ્યો. તો સાચે સાચ તેની સામે ઘાંસનો ઢગલો થયો. તેણે પેટ ભરીને ખાધું. બીજે દિવસે દંડૂકો પછાડી ગાજર માંગ્યાં તો ગાજર પણ હાજર.

થોડા દિવસો પછી તે ફરવા નીકળ્યું. તો સામેથી સિંહ આવતો જોયો. તે ઝાડીમાં છૂપાઈ ગયું પણ ભયથી ધ્રુજતું હતું. તેને વિચાર આવ્યો, ''લાવ દંડૂકો પછાડી હું સિંહ થઈ જાઉં અને આ સિંહને સસલું કરી દઉં.'' તેણે દંડૂકો પછાડ્યો તો તેવું જ થયું. તે હવે સિંહની બોડમાં રહેવા લાગ્યો. પણ ખાય ઘાંસ અને ગાજર જ.

સિંહનો એક મિત્ર હતો. તે અને સિંહ બન્ને સાથે જ શિકાર કરતા અને ભાગ પાડી લેતા. પણ હવે સિંહ શિકાર કરવા નીકળે જ નહિ. તે પોતે પણ ભૂખ્યો રહેવા લાગ્યો. તેને શંકા ગઈ. તેણે દોસ્તના નાતે સિંહ બનેલા સસલાને ધમકાવ્યો, બોલ્યો, 'જો કાલે શિકાર કરવા નહિ આવે તો તને અહિં આવીને ઢીબીશ.''

સસલું તો ભયથી ધ્રુજવા માંડ્યું. રાત્રે જ તે સસલું બની પોતાની બોડમાં આવી ગયું. સિંહને સિંહ બનાવી તેની બોડમાં મોકલી આપ્યો.

સસલું મનમાં બોલ્યું, ''ભગવાને સમજીને જ મને સસલું બનાવ્યું છે. જેવા છીએ તેમાં જ સંતોષ માનવો સારો.''

# પ્રાસંગિક

- હિરણ્યમયિ સ્માર્ત

## શ્રી અરવિંદ અને શ્રી માતાજીનું સહ-કાર્યઃ નવ-માનવનું નિર્માણ.

ભારતમાં, પોન્ડીચેરીની ભૂમિ પર, ૨૯મી માર્ચ ૧૯૧૪માં શ્રી અરવિંદ અને શ્રી માતાજી પહેલીવાર મળ્યા. એ બંને અવતારોએ આત્માનુભૂતિથી ક્ષણાર્ધમાં એકબીજાને ઓળખી લીધા. પૃથ્વી પર તેમના સહ-કાર્યની ભૂમિકા રચાઈ ગઈ. નવ-માનવના નિર્માણ માટેના મહાન કાર્યના મંડાણ થયા. ૧૯૧૪માં જ તેમણે 'આર્ય' માસિકનું પ્રકાશન શરૂ કર્યું, જેમાં શ્રી અરવિંદના તત્વચિંતન અને યોગ-દર્શનથી સભર લેખો અને પ્રકરણો વાચકોને મળવા શરૂ થયા, જે પછીથી દિવ્યજીવન, યોગસમન્વય વગેરે મહાન ગ્રંથોમાં ઉપલબ્ધ થયા. ભારતમાં એક વર્ષ રોકાઈ, વિશ્વયુદ્ધને કારણે શ્રી માતાજી પાછા ફ્રાન્સ ગયા. ત્યાંથી ચાર વર્ષ જાપાન જવાનું થયું અને ૨૪મી એપ્રીલ ૧૯૨૦માં તેઓ કાયમ માટે પોન્ડીચેરી આવી ગયા અને શ્રી અરવિંદની સાથે દિવ્ય કાર્યમાં સહભાગી થયા. પોતાને ત્રીજા પુરુષમાં સંબોધન કરીને શ્રી અરવિંદે એક ઉત્તરમાં લખ્યું છે :

શ્રી માતાજી, શ્રી અરવિંદને મળ્યાં તે પહેલાથી યોગ કરતાં હતાં; પરંતુ તે બંનેની સાધનાનો પંથ સ્વતંત્રપણે એક સરખો રહ્યો હતો. જ્યારે તેઓ બન્ને મળ્યા ત્યારે તેઓએ સાધનાને પૂર્ણ કરવામાં એકબીજાને મદદ કરી. જે શ્રી અરવિંદના યોગથી ઓળખાય છે તે શ્રી અરવિંદ અને શ્રી માતાજીનું સંયુક્ત સર્જન છે; તેઓ એકબીજા સાથે હવે સંપૂર્ણ રીતે એકરૂપ છે - આશ્રમમાંની સાધના અને સર્વ વ્યવસ્થા, શ્રી માતાજી સીધેસીધા કરે છે. શ્રી અરવિંદ એમને પાછળથી ટેકો આપે છે. જે અહીં યોગ કરવા આવે છે તે બધાએ શ્રી માતાજીને સમર્પણ કરવાનું હોય છે. શ્રી માતાજી તેઓને તેમના આધ્યાત્મિક જીવન-ઘડતરમાં હંમેશા મદદ કરે છે.

શ્રી અરવિંદ અને શ્રી માતાજીએ માનવજાતિને પૂર્ણયોગનું પ્રદાન કર્યું અને તેના વિકાસને એક ચોક્કસ દિશામાં વાળ્યો. ધર્મ-અધ્યાત્મના વિકાસની સાથે

સાથે ભારત દેશમાં એક પ્રબળ પ્રવાહ શરૂ થયો હતો. તે હતો ત્યાગવૃત્તિનો પ્રવાહ. પરમાત્માને પ્રાપ્ત કરવા હોય તો સૃષ્ટિનો ત્યાગ કરો, કર્મનો ત્યાગ કરો, સંસારનો ત્યાગ કરો, દરેક વસ્તુનો ત્યાગ કરો, એ પ્રકારની વિચારધારા શરૂ થઈ અને સાધુ, સાધ્વી, બાવા, જોગી, સંન્યાસી, ભિક્ષુ, જતિ, મૌની વગેરેના સમૂહો અસ્તિત્વમાં આવ્યા. ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણએ કહ્યું કે સર્વની આસક્તિ છોડીને ત્યાગ આંતરિક રીતે કરવાનો છે, બાહ્ય રીતે નહીં. તેમણે અનાસક્ત કર્મ પર ખૂબ ભાર મૂક્યો, છતાં બુદ્ધ અને મહાવીર સ્વામીના સમયમાં ત્યાગવૃત્તિનો પ્રવાહ પ્રબળ રીતે ચાલુ રહ્યો.

શ્રી અરવિંદ અને શ્રી માતાજીએ આવીને આ પ્રચંડ પ્રવાહને રોકવાનું કામ કર્યું. વેદ અને ઉપનિષદમાં બ્રહ્મ અથવા પરમ તત્વની સાથે સાથે જ જીવન અને જગતનો સ્વીકાર છે. જીવનને સમૃદ્ધ તથા પૂર્ણ કરવાની અભીપ્સા છે. દેવહિતને ખાતર સો વર્ષ જીવવાની ઈચ્છા છે. આ જ અનુક્રમમાં પૂર્ણયોગ આવે છે. પૂર્ણયોગમાં જીવનનો સ્વીકાર છે, જગતનો સ્વીકાર છે, કર્મનો સ્વીકાર છે. જગતમાં જે અસત્ય અજ્ઞાન અને અંધકાર છે તેનો સ્વીકાર નથી. પરંતુ ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં તેનું રૂપાંતર સત્ય, જ્ઞાન અને પ્રકાશમાં અવશ્ય થઈ શકે છે એવું મંતવ્ય છે. પૃથ્વીથી દૂર સ્વર્ગલોકની કે અન્ય લોકની કામના સ્વાર્થપૂર્ણ ઉપભોગનો પ્રકાર બની રહે છે. પરમાત્મા સાથે યોગ યુક્ત થઈને ઉત્ક્રાંતિમાં આગળ વધતાં સર્વે પૃથ્વી પર પૂર્ણતા, દિવ્યતા અને અમરતા મેળવી શકે છે. આથી જ શ્રી અરવિંદ આશ્રમની વિવિધ વસ્તુઓની બનાવટ અને વેચાણના એકમો પોંડીચેરીમાં જૂદા જૂદા સ્થળે આવેલા છે. માનવ જીવનને સ્પર્ષતા ઘણા સંસ્થાનો આશ્રમના ભાગ રૂપે કાર્યરત છે જેવા કે, ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ એજ્યુકેશન, નર્સીંગ હોમ, પ્રીન્ટીંગ પ્રેસ વગેરે. આમાં સાધકો પોતાના કર્મ દ્વારા યોગદાન આપે છે. આશ્રમ નવ-માનવના નિર્માણની પ્રયોગશાળા છે.


અતિમનસ ચેતનાનો પૃથ્વી પર આવિર્ભાવ અને અવતરણ એ શ્રી અરવિંદ અને શ્રી માતાજીનું સહ-કાર્ય પણ છે. અને આ અવતારી કાર્ય પણ છે. પૃથ્વીના ઈતિહાસમાં ઉત્ક્રાંતિમાં ક્રમિક વિકાસ સાધીને મનુષ્યે મનરૂપી સાધન પ્રાપ્ત કર્યું છે. પરંતુ મનુષ્યનું મન ઘણું મર્યાદિત છે. તે દરેક વસ્તુનું વિભાજન કરીને સમજવાનો પ્રયત્ન કરે છે. તેની પાસે અખિલ સત્યના દર્શનની ક્ષમતા નથી. શ્રી અરવિંદ સમજાવે છે કે મનથી ઉપર વધુને વધુ પ્રકાશવાળા ચેતનાના સ્તરો છે જે

અતિમનસ સુધી પહોંચે છે. અતિમનસ પાસે અખિલ સત્યની શાશ્વત સંપ્રાપ્તિ છે. તો ઉત્ક્રાંતિમાં માનવજાતિને માટે મનથી આગળનું, હવે પછીનું વિકાસનું સોપાન તે અતિમનસ છે. શ્રી અરવિંદે જાતે ઊર્ધ્વ આરોહણ કર્યું, ચેતનાના ઉચ્ચ શિખરો સર કરીને અતિમનસ ચેતના ધારણ કરી અને માનવજાતિ માટે તેનો માર્ગ કંડારીને આપ્યો. તેમણે મુખ્ય શિખરોના નામ આપ્યા છે ઉચ્ચતર મન, ઉચ્ચતમ મન, અધિમનસ અને અતિમનસ. આ શિખરો સુધી પહોંચવા માટેના પગથિયા અને તેમના પેટા વિભાગો પણ સમજાવ્યા છે. ૨૪મી નવેમ્બર ૧૯૨૬માં શ્રી અરવિંદને અધિમનસનો સાક્ષાત્કાર થયો. અધિમનસ ચેતનાનું તેમના પાર્થિવ દેહમાં અવતરણ થયું. ૧૯૫૦માં શ્રી અરવિંદે જ્યારે પોતાનો પાર્થિવ દેહ છોડ્યો ત્યારે અતિમનસ પ્રકાશ પાંચ દિવસ સુધી પૃથ્વીના વાતાવરણમાં ફેલાયો અને ૨૯મી ફેબ્રુઆરી ૧૯૫૬માં શ્રી માતાજી દ્વારા અતિમનસ ચેતના, શક્તિ અને પ્રકાશનું પૃથ્વી પર અવતરણ અદ્‌ભુત રીતે બની આવ્યું. આમ વિકાસ ક્રમમાં માનવજાતિને માટે એક વધુ ઉચ્ચ વિકાસના દ્વારા ખોલી આપીને શ્રી અરવિંદ અને શ્રી માતાજીએ અવતારી, સહ-કાર્ય સંપન્ન કર્યું. નવ-માનવ, અતિમાનવના નિર્માણની ભૂમિકા તૈયાર કરી. મહાકાવ્ય સાવિત્રીમાં આ પ્રમાણે વર્ણન છે :

The Incarnate dual Power shall open God's door,
Eternal Supermind touch earthly Time.
The Superman shall wake in mortal man
And manifest the hidden demi-god
Or grow into the God-Light and God Force
Revealing the secret deity in the cave.

- Savitri B-11, C-1, P.705

અવતારી ત્રયી શક્તિ પ્રભુનાં દ્વાર ખોલશે,
શાશ્વત અતિમનસ પાર્થિવ સમયને સ્પર્શશે.
મર્ત્ય માનવમાં અતિમાનવ જાગ્રત થશે
ને છૂપેલા અર્ધ - દેવને પ્રકાશે આણશે
કે ઈશ-પ્રકાશ અને ઈશ - શક્તિમાં વિકસશે
ગુહામાં ગૂઢ જે દેવ તેનું પ્રાગટ્ય સાધતો.



# શ્રી અરવિંદ

On sustenance from occult spiritual founts,
Climbed through white rays to meet an unseen Sun.
His soul lived as eternity's delegate,
His mind was like a fire assailing heaven,
His will a hunter in the trails of light.
Shri Auribindo (Savitri - B-1, C-3, P.-23)

**અશ્વપતિની આંતરિક - સાધના**

ગૂઢ આધ્યાત્મિક-સ્રોતનાં, પોષણ ઉપર નિર્ભર રહી,
તે કપૂર - પ્રકાશ વટાવીને, ગયો અદેખ્યા સૂર્ય પ્રતિ,
તેનો આત્મા બનતો ગયો, સનાતનનો રાજદૂત,
મન તેનું પ્રકાશમય, સ્વર્ગને જઈ સ્પર્શતું,
સંકલ્પ શક્તિ અનુસરે, દિવ્યપ્રકાશનાં ચડતાં સ્તરો.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# ચાતુર્વણ્ય : ક્ષત્રિય

અભયં સાહસં યશોલિપ્સાત્મશ્લાઘેતિ ક્ષત્રતેજઃ ।।

Records on Yoga

**ક્ષત્રિય મહાકાળીનો આવિર્ભાવ ગણ્યો, કરે અસુર વિનાશ,**
**વિકાસ અવરોધતા અદિવ્ય બળોને, ખાળે તેમનો ઉત્પાત.**
**નિર્ભય અડગ મુશ્કેલીમાં, આત્મવિશ્વાસ તેનો ભરપૂર,**
**તેથી સાહસ કરી ઝંપલાવતો, રણવીર બની એ શૂર.**
**યશ-કીર્તિની સ્પૃહા ધરે, માન-સન્માનની ખેવનાના ખેલ,**
**મૃત્યુનો ન ડર ધરે, કુર્બાની હાથનો મેલ,**
**સ્વ યશોગાથા સાંભળે ઉમંગથી, શ્રેષ્ઠતાનું ભાન અભેદ્ય,**
**દુશ્મનોને હંફાવતો, આત્મબલિદાનથી ધરે ખ્વાએશ.**
**સંકટ, વિનાશ (ક્ષત્)થી બચાવતો (ત્રાયતે) તેને ક્ષત્રિય કહે,**
**સંરક્ષણનું વિકટ કાર્ય એ, આજીવન કરતો રહે.**

ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો

સહજ સત્સંગ માસિક
પુસ્તકો

www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot
E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત